


સર્વજ્ઞ પરમાત્માએ ઇન્દ્રોની ઉપસ્થિતિમાં ફરમાવ્યું કે ભાઈ ! અમે તને સિદ્ધ સમાન જોઈએ છીએ, તું પણ એમ જોતાં શીખ ને!

—*પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*


કહાન સં. ૧૭ સં. ૨૦૫૩ [૬૪૮] * **આત્મધર્મ** * [અંક-૪ વર્ષ-૫૪] વીર સં. ૨૫૨૩ ઓક્ટોબર-૧૯૯૭

# આગમ મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ સર્વ ચિંતા ત્યાગવા યોગ્ય છે; આ જાતની બુદ્ધિ તે તત્ત્વને પ્રગટ કરે છે કે જે ચૈતન્યરૂપ મહાસમુદ્રની વૃદ્ધિમાં શીઘ્ર જ ચંદ્રમાનું કામ કરે છે. ૪૭૯. *(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, શ્લોક-૩૫)*

❀ પોતાના આત્માના વિચારમાં નિપુણ રાગરહિત જીવો દ્વારા નિર્દોષ શ્રુતજ્ઞાનથી પણ આત્મા કેવળજ્ઞાન સમાન જાણવામાં આવે છે. ૪૮૦.

*(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર-પ્રાભૃત, જીવ અધિકાર, ગાથા-૩૪)*

❀ જઘન્યભાવસે લેકર ઉત્તમ ભાવકે ધારી પાત્ર તક પાત્રદાનકા હોના જિનેન્દ્રોંને કહા હૈ. અપને અપને પદમેં પ્રકાશિત જ્ઞાનકી સહાયતાસે આત્મિકપદકો પ્રકાશિત કરના યા આત્માકી ઉન્નતિ કરના ઉસીકો પાત્રદાનકા ભાવ જાનના ચાહિયે. ઐસા જિનેન્દ્રને કહા હૈ. અર્થાત્ અપને જ્ઞાનકે પ્રમાણ અપને આત્માકે શુદ્ધ સ્વભાવકે રમણકે દ્વારા અપને હી આત્માકો આત્માનુભવરૂપી દાન કરના. જિસસે આત્માનંદ પ્રાપ્ત હોકર પરમ તૃપ્તિ હોતી હૈ. યહીં પાત્રદાનકા ભાવ હૈ, યહી અપનસે હી અપનેકો દાન દેના હૈ. ૪૮૧. *(શ્રી તારણસ્વામી, મમલ પાહુડ, ભાગ-૧, પાનું-૧૨)*

❀ શ્રેયપદરૂપ અનુપમજ્યોતિસ્વરૂપ પદ પોતાનું જ છે. પોતાના પરમેશ્વરનું દૂર અવલોકન ન કર. પોતાને જ પ્રભુરૂપ સ્થાપ. જેને સારી રીતે યાદ કરવાથી જ્ઞાન-જ્યોતિનો ઉદય થાય છે, મોહ-અંધકાર વિલય પામે છે, આનંદ સહિત કૃતકૃત્યતા ચિત્તમાં પ્રગટે છે, તેને વેગે અવલોકી, અન્ય ધ્યાનતા નિવારી, વિચારીને સંભાર, તો તારો બ્રહ્મવિલાસ તારામાં છે. એનાથી બીજું શું અધિક ? કે એને છોડી તું પરને ધ્યાવે છે ? ૪૮૨.

*(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૩૩)*

❀ હે જીવ ! તૂ ઈસકો ગૃહવાસ મત જાન, યહ પાપકા નિવાસસ્થાન હૈ. યમરાજને અજ્ઞાની જીવોંકો બાંધનેકે લિયે યહ અનેક ફાંસોસે મંડિત બહુત મજબૂત બંદીખાના બનાયા હૈ, ઈસમેં સંદેહ નહીં હૈ. ૪૮૩.

*(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨, શ્લોક-૧૪૪)*

કહાન સંવત-૧૭
વર્ષ ૫૪
અંક ૪
[ ૬૪૮ ]

વીર સંવત ૨૫૨૩
સં. ૨૦૫૩
OCT.
A. D. 1997




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# વીતરાગી વિજ્ઞાનમાં જણાતા વિશ્વના જ્ઞેય પદાર્થોનો સ્વભાવ

[ શ્રી પ્રવચનસાર ગાથા-૯૯ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

[ સળંગ પ્રવચન નં. ૮ ]

આ ગાથામાં ક્ષેત્રનો દાખલો આપીને પહેલાં દ્રવ્યનું ત્રિકાળી સતપણું બતાવ્યું, તેના ત્રિકાળી પ્રવાહક્રમના અંશો બતાવ્યા ને તે અંશોમાં (–પરિણામોમાં) અનેકતારૂપ પ્રવાહક્રમનું કારણ તેમનો પરસ્પર વ્યતિરેક છે એમ સિદ્ધ કર્યું. અને ત્યારપછી આખા દ્રવ્યના બધાય પરિણામોને સ્વ-અવસરમાં વર્તનારા, ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ બતાવ્યા. એટલી વાત પૂરી થઈ.

હવે એકેક સમયના વર્તમાન પરિણામને લઈને તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવપણું બતાવે છે. પહેલાં સમગ્ર પરિણામોની વાત હતી ને હવે અહીં એક જ પરિણામની વાત છે. પછી છેલ્લે પરિણામી દ્રવ્યની જ વાત લઈને દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ બતાવશે.

"વળી જેમ વાસ્તુનો જે નાનામાં નાનો (છેવટનો) અંશ પૂર્વપ્રદેશના વિનાશસ્વરૂપ છે તે જ (અંશ) ત્યારપછીના પ્રદેશના ઉત્પાદસ્વરૂપ છે તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકવાસ્તુપણા વડે અનુભયસ્વરૂપ છે (અર્થાત્ બેમાંથી એકકે સ્વરૂપે નથી), તેમ પ્રવાહનો જે નાનામાં નાનો અંશ પૂર્વપરિણામના વિનાશ સ્વરૂપ છે તે જ ત્યારપછીના પરિણામના ઉત્પાદ-સ્વરૂપ છે તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકપ્રવાહપણા વડે અનુભયસ્વરૂપ છે."

અસંખ્યપ્રદેશી આત્માનો કોઈ પણ એક પ્રદેશ લ્યો તો તે પ્રદેશ, ક્ષેત્ર અપેક્ષાએ પૂર્વના પ્રદેશના વ્યયરૂપ છે, પોતે પોતાના ક્ષેત્રના ઉત્પાદરૂપ છે ને સળંગ ક્ષેત્ર અપેક્ષાએ તે જ ધ્રુવ છે.—એ દૃષ્ટાંત છે. તેમ અનાદિ અનંત પ્રવાહક્રમમાં વર્તમાન વર્તતો કોઈ પણ એક પરિણામ પૂર્વના પરિણામના વ્યયરૂપ છે, ત્યાર પછીના પરિણામની અપેક્ષાએ એટલે કે પોતે પોતાની અપેક્ષાએ ઉત્પાદસ્વરૂપ છે, ને પહેલા-પછીનો ભેદ પાડ્યા વગર આખા પ્રવાહક્રમના અંશ તરીકે જુઓ તો તે પરિણામ ધ્રુવરૂપ છે. એ રીતે એકેક પરિણામમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે.

સમસ્ત પરિણામોનાં ઉત્પાદ-વ્યય-ધ્રુવની વાત લીધી ત્યારે 'પોતપોતાના અવસરમાં' એમ કહીને તે દરેકનો સ્વતંત્ર સ્વકાળ બતાવ્યો હતો. અને અહીં એક પરિણામની વિવક્ષા લઈને વાત કરતાં તે શબ્દો ન વાપર્યા. કેમકે વર્તમાન એક જ પરિણામ લીધો તેમાં જ તેનો વર્તમાન સ્વકાળ આવી ગયો.

વર્તમાન વર્તતો પરિણામ પૂર્વપરિણામના અભાવરૂપ જ છે. એટલે પૂર્વના વિકારનો અભાવ કરું—એ વાત રહેતી નથી. ને વર્તમાન પરિણામ વર્તમાનમાં સતરૂપ છે એમાં પણ ફેરફાર કરવાનું રહેતું નથી. આમ સમજતાં એકલા વર્તમાન પરિણામની દૃષ્ટિ ન રહેતાં પરિણામી દ્રવ્યની દૃષ્ટિથી પરિણામ અને પરિણામીની એકતા થતાં સમ્યક્ત્વનો ઉત્પાદ થાય છે, તેમાં પૂર્વના મિથ્યાત્વનો વ્યય છે જ. મિથ્યાત્વને ટાળવું નથી પડતું. કોઈ પરિણામને હું ફેરવી શકું નહિ, માત્ર જાણું—એવો મારો સ્વભાવ છે, એમ જ્ઞાનસ્વભાવની પ્રતીતમાં સમ્યક્ત્વ પરિણામનો ઉત્પાદ છે, ને તેમાં મિથ્યાત્વનો વ્યય છે જ. એટલે મિથ્યાત્વ ટાળું ને સમ્યક્ત્વ પ્રગટ કરું એ વાત નથી રહેતી. જ્યાં આવી બુદ્ધિ થઈ ત્યાં તે સમયનો સત્ પરિણામ પોતે જ સમ્યક્ત્વના ઉત્પાદરૂપ ને મિથ્યાત્વના વ્યયરૂપ છે, તથા એકબીજા સાથે સંકળાયેલા પરિણામોના સળંગ પ્રવાહ તરીકે તે પરિણામ ધ્રુવ છે.—એ રીતે એકેક પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત સત્ છે.

જેમ વસ્તુ સત્ છે તેમ તેનું વર્તમાન પણ સત્ છે. વસ્તુના ત્રિકાળી પ્રવાહમાં એકેક સમયનો અંશ તે સત્ છે; વર્તમાન સમયનો પરિણામ પૂર્વને લઈને નથી પણ પૂર્વના અભાવથી જ પોતાપણે સત્ છે. તે વર્તમાન અંશ પરથી નથી પણ પોતાથી છે. એકેક સમયનો વર્તમાન અંશ નિરપેક્ષપણે પોતાથી જ ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ સત્ છે.

સર્વજ્ઞ સિવાય વસ્તુસ્વરૂપનું આવું વર્ણન બીજે હોય નહિ. ભાઈ, તું શું

કર ? જગતના તત્ત્વો સત્ છે, તેની પહેલી પર્યાયને લીધે પણ બીજી પર્યાય થતી નથી, તો વળી તું તેમાં શું કર ? તું તો માત્ર જાણનાર જ રહે. એ સિવાય જો બીજું માન તો, વસ્તુમાં કાંઈ ફેરફાર થવાનો નથી પણ તારું જ્ઞાન મિથ્યા થશે.

વસ્તુનો વર્તમાન અંશ છે તે સત્ છે, એમ અહીં તો વર્તમાન એકેક સમયના પરિણામને સત્ સિદ્ધ કરવા છે. દ્રવ્યના આધારે અંશ છે—એ વાત અત્યારે નથી લેવી, જો દ્રવ્યને લઈને પરિણામનું સત્પણું હોય તો તો બધા પરિણામ એકસરખા જ થાય. માટે દ્રવ્યને પરિણામનું સત્ છે એમ ન લેતાં, એકેક સમયના પરિણામ પોતે સત્ છે અને દ્રવ્ય જ તે વર્તમાન પરિણામપણે વર્તતું સત્ છે—એમ લીધું છે. પ્રવાહનો વર્તમાન અંશ તે અંશને લઈને જ છે. અહો, એકેક સમયનું અકારણીય સત્ સાબિત કર્યું છે. સમય સમયનું સત્ અહેતુક છે. બધાં પદાર્થોના ત્રણેકાળના વર્તમાનનો દરેક અંશ નિરપેક્ષ સત્ છે, જ્ઞાન તેને જેમ છે તેમ જાણે પણ ફેરવે નહિ. જ્ઞાને જાણ્યું માટે તે અંશ તે પ્રમાણે છે—એમ નથી. તે પોતે સ્વયં સત્ છે.

વર્તમાન પરિણામ પૂર્વપરિણામના વ્યયરૂપ છે, એટલે વર્તમાન પરિણામને પૂર્વપરિણામની પણ અપેક્ષા ન રહી, તો પછી પર પદાર્થને કારણે તેમાં કાંઈ થાય--એ વાત ક્યાં રહી ? કેવળી ભગવાનને પહેલાં સમયે કેવળ જ્ઞાન થયું માટે બીજા સમયે તે કેવળજ્ઞાન રહ્યું—એમ નથી, પણ બીજા સમયના તે વર્તમાન પરિણામનું કેવળજ્ઞાન તે સમયના અંશથી જ સત્ છે. પહેલાં સમયના સતને લીધે બીજા સમયનું સત્ નથી. એ જ પ્રમાણે સિદ્ધભગવાનને પહેલાં સમયની સિદ્ધપર્યાય હતી માટે બીજા સમયે સિદ્ધપર્યાય થઈ—એમ નથી. સિદ્ધમાં ને બધાંય દ્રવ્યોમાં એકેક સમયનો અંશ સત્ છે.

અહીં એક અંશના પરિણામના ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં 'પોતાના અવસરમાં' એવી ભાષા ન વાપરી, કેમ કે વર્તમાન વર્તતા એક પરિણામની વાત છે, ને વર્તમાનમાં જે પરિણામ વર્તે છે તે જ તેનો સ્વકાળ છે. ત્રણેકાળના દરેક પરિણામનું જે વર્તમાન છે તે વર્તમાન જ તેનો સ્વકાળ છે. પોતાના વર્તમાનને છોડીને તે આઘોપાછો થાય નહિ. એમ વર્તમાન એકેક પરિણામનો ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વભાવ છે.

આ ગાથામાં અત્યાર સુધીમાં ચાર બોલ આવ્યા –

૧. દ્રવ્યનો સળંગ પ્રવાહ એક છે ને તેના ક્રમે થતા અંશો તે પરિણામો છે.

૨. તે પરિણામોમાં અનેકતા છે, કેમકે પરસ્પર વ્યતિરેક છે.

૩. ત્રણેકાળના પરિણામોનું આખું દળ લઈને બધા પરિણામોમાં સામાન્યપણે ઉત્પાદ-વ્યય-ધ્રુવપણું કહ્યું.

૪. આખા પ્રવાહનો એક અંશ લઈને એકેક પરિણામમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ કહ્યાં.

—એમ ચાર પ્રકાર થયા. એ પ્રમાણે પરિણામનું ઉત્પાદ-વ્યય-ધ્રુવપણું નક્કી કરીને, હવે છેલ્લે પરિણામી દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ કરે છે.

"આ પ્રમાણે સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામપદ્ધતિમાં (પરિણામોની પરંપરામાં) વર્તતું દ્રવ્ય સ્વભાવને નહિ અતિક્રમતું હોવાથી સત્ત્વને ત્રિલક્ષણ જ અનુમોદવું."

દ્રવ્યના બધાય પરિણામો ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે, ને તે પરિણામોના ક્રમમાં વર્તતું દ્રવ્ય પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું જ છે. જો પરિણામની જેમ દ્રવ્ય પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું ન હોય તો તે પરિણામોની પરંપરામાં વર્તી જ ન શકે. દ્રવ્ય છે તે ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ બધાય પરિણામોની પરંપરામાં વર્તે છે તેથી તેને પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે. પરિણામોની પદ્ધતિ કહી છે એટલે જેમ સાંકળના અંકોડા આઘાપાછા થતા નથી તેમ પરિણામોનો પ્રવાહક્રમ બદલાતો નથી, જે વખતે દ્રવ્યનો જે પરિણામ પ્રવાહક્રમમાં હોય તે વખતે તે દ્રવ્યનો તે જ પરિણામ હોય, બીજો પરિણામ ન હોય. જુઓ, આ વસ્તુના સ્વભાવનું વસ્તુનો સત સ્વભાવ છે, સત તે ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળો પરિણામ છે, ને તેને ભગવાન દ્રવ્યનું લક્ષણ કહે છે.—सतद्रव्यलक्षणं તારો સ્વભાવ જાણવાનો છે. જેમ સત છે તેમ તું જાણ. સતને આડુંઅવળું કરવાની બુદ્ધિ કરીશ તો તારા જ્ઞાનમાં મિથ્યાત્વ થશે. વસ્તુઓ સત છે ને હું તેનો જાણનાર છું—એવી શ્રદ્ધા થયા પછી અસ્થિરતાનો વિકલ્પ ઊઠે, પણ તેમાં મિથ્યાત્વનું જોર ન આવે. એટલે આવી જ્ઞાન અને જ્ઞેયની શ્રદ્ધાના જોરે તે અસ્થિરતાનો વિકલ્પ પણ તૂટીને વીતરાગતા ને કેવળજ્ઞાન થયે જ છૂટકો!—એવી આ અલૌકિક વાત છે.

[ ક્રમશઃ ]

# ❋ સાધકોને શુદ્ધાત્માનું આલંબન છે ❋

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૫૫ )

શ્રી નાટક સમયસાર શાસ્ત્રનો આ પુણ્ય-પાપ અધિકાર ચાલે છે. નીચે ૪ થો કળશ આપેલો છે તે લેવાનો છે.

निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल
प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः ।
तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं
स्वयं विन्दन्त्येते परममममृतं तत्र निरताः ॥ ४ ॥

તેના ઉપર બનારસીદાસજીનું આઠમું પદ્ય છે. તેમાં ગુરુ અને શિષ્યના પ્રશ્નોત્તરરૂપે કથન છે.

सिष्य कहै स्वामी तुम करनी असुभ सुभ,
कीनी है निषेध मेरे संसै मनमांही है ।
मोखके सधैया ग्याता देसविरती मुनीस,
तिनकी अवस्था तौ निरावलंब नांही है ॥
कहै गुरु करमको नास अनुभौ अभ्यास,
ऐसौ अवलंब उनहीको उन पांही है ।
निरुपाधि आतम समाधि सोई सिवरूप,
और दौर धूप पुदगल परछांही है ॥ ८ ॥

વાત બહુ સૂક્ષ્મ છે. અનંતકાળમાં જાણવામાં આવી નથી અને અત્યારે તો બધી ઊંધી પ્રરૂપણા ચાલે છે.

અર્થ:—શિષ્ય કહે છે હે સ્વામીન્ ! આપે બધી શુભ અને અશુભક્રિયાનો નિષેધ કર્યો તો મારાં મનમાં સંદેહ ઉપજે છે. કેમ કે, મોક્ષમાર્ગી જ્ઞાની અણુવ્રતી શ્રાવક અથવા મહાવ્રતી મુનિ નિરાવલંબી તો નથી હોતા. અર્થાત્ દાન, સમિતિ,

સંયમ આદિ શુભક્રિયા કરે જ છે. ત્યાં શ્રીગુરુ ઉત્તર આપે છે કે, કર્મની નિર્જરા અનુભવના અભ્યાસથી છે તેથી તેઓ પોતાના જ જ્ઞાનમાં સ્વાત્માનુભવ કરે છે. રાગ-દ્વેષ-મોહરહિત નિર્વિકલ્પ આત્મધ્યાન જ મોક્ષરૂપ છે, એના વિના બીજું બધું ભટકવું પુદ્ગલજનિત છે.

આગળના શ્લોકમાં બ્રહ્મચર્ય, આઠ આઠ દિવસના ઉપવાસ, ઈન્દ્રિયોનું દમન વ્રત, દાન, પૂજા આદિ બધી શુભક્રિયાઓ તથા અસંયમ, વિષયભોગ, કષાય આદિ અશુભક્રિયાઓને કર્મરૂપી રોગ કહીને તેનો આચાર્યદેવે નિષેધ કર્યો છે કે, ભગવાન વીતરાગદેવે બંને ભાવોને બંધની પરિપાટીમાં ગણાવ્યા છે. એમાંથી એક પણ ભાવ ધર્મનું કારણ નથી. બંને ભાવ વિકલ્પ છે—રાગ છે—બંધના કારણ છે માટે આત્મસ્વભાવની પ્રાપ્તિમાં બંને ત્યાજ્ય છે. આમ શુભ અને અશુભ બંને ક્રિયાનો નિષેધ સાંભળીને શિષ્યને પ્રશ્ન ઉઠે છે કે તો પછી મુનિઓને કોનું શરણ !

**मोखके सधैया ग्याता देसविरती मुनीस...** અણુવ્રતી શ્રાવક અને મહાવ્રતી મુનિઓ કે જે મોક્ષના સાધક છે, મોક્ષમાર્ગી—જ્ઞાની છે તેમને તદ્દન નિરાવલંબીપણું હોતું નથી. તેઓ દાન, સમિતિ સંયમ આદિ શુભક્રિયાઓ કરે જ છે તેને આપ ધર્મ કહેતાં નથી તો સાધકને ધર્મ માટે કોનો આધાર રહ્યો ! અશુભક્રિયામાં તો ધર્મ છે જ નહિ તો જવું કયાં ! એમ શિષ્યને સંદેહ ઉપજે છે કે તો પછી ધર્મનું સાધન શું ?

જ્ઞાની, મુનિ વ્રત, તપ આદિ શુભ ક્રિયા તો કરે છે પણ તેને આપ ધર્મની ક્રિયા કહેતાં નથી તો ધર્મનું સાધન શું કરવું ? દાન, વ્રત, તપ, સંયમ આદિમાં પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે તેથી રાગ થાય છે તે વૃત્તિનું ઉત્થાન છે—કર્મનો રોગ છે તે કાંઈ આત્માનો સ્વભાવ નથી. માટે તે ક્રિયાથી સંવર કે નિર્જરા થતાં નથી એમ આપ કહો છો તો મુનિઓને કોનું અવલંબન ! એમ શિષ્યનો પ્રશ્ન છે.

તેને ગુરુ ઉત્તર આપે છે કે મુનિઓ નિરાલંબ નથી. જ્ઞાની, મુનિ આદિ મોક્ષના સાધકોને પોતાના આત્માનું અવલંબન છે. **कहै गुरु करमकौ नाश अनुभौ अभ्यास एसो अवलम्ब उनहीकौ उन पांही है ।** ગુરુ શિષ્યને કહે છે ભાઈ ! તને કર્મના નાશના ઉપાયની ખબર નથી. કર્મની નિર્જરા અનુભવના અભ્યાસથી થાય છે. આત્મા એકલો જ્ઞાન ને આનંદનો પૂંજ છે એવા જ્ઞાન અને આનંદનો અનુભવ કરતાં સાધકોને ધર્મ થાય છે અને ત્યારે કર્મોની નિર્જરા થાય છે.

લોકોને બિચારાને આ સત્ય વાત સાંભળવા પણ મળતી નથી. શરીર જરાં ઠીક હોય તો સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ અને તપાદિ કરીને ધર્મ થઈ ગયો માને

છે અને શરીર ઠીક ન હોય, પૈસા હોય તો દાનાદિ કરીને ધર્મ થઈ ગયો માને છે. પણ ભાઈ! એમાં તે રાગની મંદતા કરી હોય તો પુણ્ય બંધાય પણ ધર્મ તો ન જ થાય. બીજાં પ્રાણીને ન મારવાનો ભાવ કર્યો તે અહિંસા છે. સત્ય બોલે, પરિગ્રહનું ગ્રહણ ન કરે, બ્રહ્મચર્ય પાળે, લાખો રૂપિયાના દાન કરતો હોય તો એ બધો શુભભાવ છે તેનાથી પુણ્ય થાય પણ ધર્મ ન થાય. ત્રણકાળ ત્રણલોકમાં કદી શુભભાવથી ધર્મ ન થાય.

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે આત્માને અનંતગુણનો પિંડ કહ્યો છે. અન્યમતીઓ કહે છે તે આત્માનું સાચું સ્વરૂપ નથી. સર્વજ્ઞે કહેલો આત્મા પુણ્ય-પાપના રાગની ક્રિયાથી જુદો છે. એવા આત્માનો અનુભવ કરે તેને ધર્મ થાય છે. શુભાશુભક્રિયાના રાગનું લક્ષ છોડી, અખંડ આનંદસ્વરૂપ ધ્રુવ ભગવાન આત્મામાં એકાગ્ર થઈ અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે તેને ધર્મ થાય છે. તેના વિના અઠ્ઠમ કરે કે સામાયિક, પૌષધ, ચોવ્યાર આદિ ક્રિયા કરે તેનાથી કર્મોની નિર્જરા થતી નથી. અઠ્ઠમ ઉપર એક ઉપવાસ કરે તેનાથી બહુ નિર્જરા થાય એમ માને છે. ભાઈ! ધૂળેય નિર્જરા ન થાય. એ તો લાંઘણ છે. નવતત્ત્વમાં ભગવાને જીવતત્ત્વને શુભાશુભભાવથી જુદો જોયો છે. કેમકે જીવનું એ સ્વરૂપ નથી.

શુદ્ધ આત્માના અનુભવના અભ્યાસથી જ કર્મોની નિર્જરા થાય છે તેથી તેઓ પોતાના જ જ્ઞાનમાં સ્વાત્માનુભવ કરે છે. ભાઈ! ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશનું પૂર, નૂર અને આનંદનો સાગર છે. એવા આનંદસાગરમાં ઝંપટ મારી—દૃષ્ટિ મૂકી, તે અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે—તે શ્રાવકને સંવર અને નિર્જરા છે. તેથી સમ્યગ્દૃષ્ટિ, શ્રાવક, મુનિ આદિ જ તે અનુભવથી થતાં આનંદને જાણી શકે છે. एसो अवलंब उनहीको उनपांही है। પોતાના જ્ઞાનમાં જ તેઓ સ્વાનુભવ કરે છે.

શરીર, વાણી, મન આદિ તો જડ થઈને રહેલાં છે તે કોઈ આત્માની ચીજ નથી, જીવના થઈને તે રહેતાં નથી. મફતનો મૂઢ તેને પોતાના માને છે. પાસે બે-ચાર કરોડ રૂપિયા હોય તે પણ જડ છે. પોતાના થતાં નથી. અરે! રાગની ક્રિયા પણ જીવની થતી નથી તો બીજી તો કઈ ચીજ જીવની થાય! જીવની પાસે તો એક તેનો અનુભવ છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો વિકલ્પ તો દૂર છે. પણ અનુભવ તો તેની સમીપમાં છે, દૂર નથી.—उनहीको उनपांही है। તેનાથી કર્મોની નિર્જરા છે.

સમ્યગ્દૃષ્ટિ શ્રાવક હો, શ્રાવિકા હો, સાચા સાધુ હો કે અર્જિકા હો તે પોતાના ચૈતન્યદેવની નિર્વિકલ્પ અનુભૂતિ કરે છે તેને સંવર અને નિર્જરા થાય છે. રાગથી

ભિન્ન અભેદ ચૈતન્યના અવલંબનથી જ આવી નિર્વિકલ્પ અનુભૂતિ થાય છે અને તે વખતે કર્મોની નિર્જરા થાય છે. બાકી, લાંઘણો કરવાથી તો નવા કર્મ બંધાય છે.

આ વીતરાગનો માર્ગ છે. બીજી રીતે માને છે તેને વીતરાગની શ્રદ્ધા નથી. તે શ્રદ્ધાથી ભ્રષ્ટ છે. સં. ૮૦ની સાલમાં એટલે શરૂઆતમાં લોકોને આ અનુભવની વાત સાંભળીને નવાઈ લાગતી કે આ અનુભવ અનુભવ શું કરે છે! આપણા ધર્મમાં તો સામાયિક પૌષધ આદિ હોય એ સાંભળ્યું છે. 'અનુભવ' તો સાંભળ્યો નથી.

ભાઈ! મિથ્યાત્વ સહિતના તારાં સામાયિક, પોષા આદિ બધાં રણમાં પોક મૂકવા જેવા છે. દેહની ક્રિયા આત્માથી જુદી છે, અંદરમાં રાગ થાય છે તે પણ આત્માનું સ્વરૂપ નથી. આત્માનું જ્ઞાનસ્વરૂપ કોઈ જુદું જ છે, એવા ભાન વગરની ક્રિયાથી કર્મોની નિર્જરા થતી નથી. કર્મોની નિર્જરા તો અનુભવના અભ્યાસથી જ છે.

જેમ સાકર ગળપણસ્વરૂપ છે તેમ, ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશનું પૂર છે તે જ્ઞાનમાં—અંતરમાં એકાગ્ર થઈને જ્ઞાનનો અનુભવ કરે તો તે જીવને કર્મોની નિર્જરા થાય એમ વીતરાગદેવે કહ્યું છે. ભગવાનનું ભજન કરો—ભગવાનનું ભજન કરો એમ કરવાથી કર્મોની નિર્જરા નહિ થાય. નવકારમંત્ર ગણવા એ તો રાગ છે, ધર્મ નથી. એમાં ધર્મ માનીને અરે! જિંદગી ચાલી જાય છે. ઈયળ, કીડી આદિ મરે છે તેમ આ જીવો આત્માના ભાન વિના મરીને ચોરાશીના અવતારમાં ચાલ્યા જશે. ક્યાંય કોઈ શરણ નહિ મળે.

તારું શરણ તો અંદરમાં—આત્મા છે ભાઈ! તને વિશ્વાસ નથી પણ તારામાં અતીન્દ્રિય આનંદ ઠસોઠસ ભરેલો છે. તેની સન્મુખ થઈને અંદરમાં અતીન્દ્રિય આનંદના ઝરણા ઝરે તેને ભગવાન નિર્જરા કહે છે.

આત્માનું સ્વરૂપ અને ધર્મનું સ્વરૂપ સમજ્યા વિનાના શરીર સૂકવવા બેઠા છે એ બધાં મૂઢ છે. આ શરીર તો માંસ અને હાડકાસ્વરૂપ છે તે કાંઈ જીવ થઈને રહેલું નથી અને આત્મા તો આનંદની ખાણ છે તે કાંઈ રાગની કે જડની ખાણ નથી. ભગવાન ત્રિલોકીનાથ પરમાત્મા સો ઈન્દ્રો અને ગણધરની વચ્ચે આમ કહેતાં હતાં તે આ વાત છે. દયા, દાનાદિ ભાવ તો પુણ્યબંધનું કારણ છે તે કાંઈ નિર્જરાનું કારણ નથી. ચૈતન્યના આશ્રયથી જે અનુભવ થાય, તેનાથી જ નિર્જરા થાય છે, બાકી પુણ્ય-પાપના વિકલ્પની ક્રિયા એ તો કર્મનો રોગ છે. એકથી પુણ્ય બંધાય અને એકથી પાપ બંધાય તેથી એ બંને સોનાની અને લોઢાની બેડી જેવા બંધન જ છે. બંને ભાવ સંસારમાં ભટકવાના કારણ છે.

निरुपाधि आतम समाधि सोई सिवरूप, ભગવાન આત્મા વિકલ્પની ઉપાધિથી રહિત છે. આત્માની અસ્તિ ચૈતન્યસ્વરૂપ છે તેમાં શરીર નથી, વાણી નથી, કર્મ નથી અને દયા-દાનના વિકલ્પો પણ તેના સ્વરૂપમાં નથી. એવો એ નિરુપાધિ છે અને આતમસમાધિ સ્વરૂપ હોવાથી શાંત શાંત છે. સમાધિ એટલે શું?—કે આધિ એટલે પુણ્ય-પાપના વિકલ્પ, વ્યાધિ એટલે શરીરના રોગ અને ઉપાધિ એટલે બાહ્ય સંયોગ એ ત્રણેયથી રહિત જે શાંતભાવ છે તે સમાધિ છે. આવી સમાધિને જે સાધે છે એવા શ્રાવકો અને મુનિઓને ધર્મ અને નિર્જરા થાય છે.

પુણ્ય-પાપના વિકલ્પો ઉઠે છે તે તો કર્મરૂપી રોગ છે, ઝેર છે તેનાથી રહિત આત્માના આનંદની પરિણતિરૂપ ધ્યાન છે તે શિવરૂપ છે. અંતરના અવલંબનથી પ્રગટતી દશા—તે શિવરૂપ છે. મોક્ષનું કારણ પણ તે છે અને તે જ મોક્ષરૂપ છે. જે કોઈ સિદ્ધ થયા તે સિદ્ધદશા ક્યાંથી લાવ્યા! અંદરમાં છે તેમાંથી લાવ્યા છે, તેમ દરેક આત્મા સિદ્ધ સમાન છે પણ અજ્ઞાનીને પોતાનું સ્વરૂપ શું છે, કેમ છે, કેમ પ્રાપ્ત થાય તેની ખબર નથી.

બાહ્ય વિકલ્પોને સમેટી, અંતરમાં પૂર્ણાનંદપ્રભુ છે તેમાં દૃષ્ટિ લગાવી, તેને જ્ઞેય બનાવી, તેનું ધ્યાન લગાવી, તેનો અનુભવ કરવો તેનું નામ સમાધિ છે. તે સમાધિથી કર્મોની નિર્જરા થાય છે. પુણ્ય-પાપની લાગણીને સમેટીને અંદરમાં શુદ્ધોપયોગની દશા થાય તેને અહીં આતમસમાધિ કહેવામાં આવી છે. આ સમાધિ મોક્ષનું કારણ અથવા મોક્ષસ્વરૂપ છે.

કાળીજીરીની થેલી ઉપર 'સાકર' નામ આપવાથી કાળીજીરી સાકર થઈ જતી નથી તેમ, ધુરંધર આચાર્ય, મુનિ આદિ નામ આપી દેવાથી અંતરમાં મુનિની દશા આવી જતી નથી. જે પુણ્ય-પાપની લાગણીનું લક્ષ છોડી, અંતર સન્મુખ ભાવથી શુદ્ધોપયોગને સાધે છે તેને સમાધિ છે અને એ સમાધિ જેને પ્રગટ થઈ છે તેને મુનિ કહેવામાં આવે છે. તેને કર્મોની નિર્જરા થાય છે.

સમજાણું કાંઈ! એમ કહીએ છીએ એટલે કે કાંઈક સમજાય તોપણ સારું છે, બધું સમજે તો તો ન્યાલ થઈ જાય.

દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ અશુભભાવ છે. નિશ્ચયથી અધર્મ છે અને હિંસા, જૂઠું, ચોરી આદિ પાપભાવ તો અધર્મ છે જ. આ બંનેભાવોથી રહિત, અંતરમાં ચૈતન્યને અવલંબીને થતી વીતરાગી દશા કે જેમાં અતીન્દ્રિય આનંદના અનુભવનો સ્વાદ આવે છે તેને અહીં કર્મોની નિર્જરાનું કારણ કહ્યું છે.

પ્રશ્ન થાય કે તેના માટે પ્રથમ બીજું કાંઈ સાધન ખરું કે નહિ! વ્રત, તપ કરીએ, કષાયની મંદતા કરીએ તો પછી ધર્મ થાય એવું સ્વરૂપ નથી. એ તો લસણ ખાઈને કસ્તૂરીના ઓડકારની અપેક્ષા રાખવા જેવું છે. રાગની ક્રિયાના ફળમાં ધર્મ પ્રગટ થતો નથી. और दौर धूप पुद्गल परछांही है। વ્રત, તપાદિના વિકલ્પ ઉઠે છે તે સંસારમાં રખડાવનાર છે, પુદ્ગલની છાયા છે—આત્માની છાયા નથી.

ભાવાર્થ:—ઈર્યાસમિતિપૂર્વક જોઈને ચાલવું ભાષાસમિતિ પાળવી એ બધી સમિતિ, વ્રત, તપ આદિ બધાં ભાવ આસ્રવ છે તેનાથી શ્રાવક કે સાધુના કર્મોની નિર્જરા થતી નથી. નિર્જરા તો આત્માનુભવથી જ થાય છે.

પુરુષાર્થસિદ્ધિનો આધાર આપ્યો છે કે 'યેનાંશેન.......ભવતિ' પોતાના જ્ઞાનાનંદસ્વરૂપમાં જેટલી વીતરાગી એકાગ્રતા થાય તેટલા અંશે રાગ અને બંધનનો નાશ થાય છે. જેટલો રાગનો ભાગ રહે છે તે બંધનનું કારણ છે.

વ્રતાદિનો વિકલ્પ તે બંધનું કારણ અને આત્માના આનંદનો અનુભવ તે નિર્જરાનું કારણ છે—આ જૈન પરમેશ્વર વીતરાગ તીર્થંકરદેવના માર્ગની વાત છે. આ સિવાય બંધનથી મુક્તિનો બીજો કોઈ ઉપાય નથી. જેને શુદ્ધ ચૈતન્યસ્વરૂપના આશ્રયથી અંતરમાં આનંદનું ઝરણું વહે છે તેને અશુદ્ધતા ટળે છે અને શુદ્ધતા વધે છે તેનું નામ નિર્જરા છે.

હવે છઠ્ઠા કળશમાં આચાર્યદેવ કહે છે કે ભગવાને તો આત્માના અનુભવને ધર્મ કહ્યો છે, તેની વિધિ અંતરમાં છે. બહારના વિધિ-વિધાન તો બધાં રાગનાં છે.

બનારસીદાસજી પદ્યમાં કહે છે કે મુનિ અને શ્રાવકની દશામાં બંધ અને મોક્ષ બને છે.

मोख सरूप सदा चिनमूरति,
बन्धमई करतूति कही है।
जावतकाल बसै जहां चेतन,
तावत सो रस रीति गही है॥
आतमकौ अनुभौ जबलौं,
तबलौ सिवरूप दसा निबही है।
अन्ध भयौ करनी जब ठानत,
बन्ध विधा तब फैल रही है॥९॥

અર્થ:—આત્મા સદૈવ શુદ્ધ અર્થાત્ અબંધ છે અને ક્રિયાને બંધમય ક
આવી છે, તેથી જેટલો સમય જીવ જેમાં (સ્વરૂપ અથવા ક્રિયામાં) રહે છે
સમય સુધી તેનો સ્વાદ લે છે અર્થાત્ જ્યાંસુધી આત્માનુભવ રહે છે, ત્યા
અબંધદશા રહે છે, પરંતુ જ્યારે સ્વરૂપમાંથી છૂટીને ક્રિયામાં લાગે છે ત્યારે
વિસ્તાર વધે છે.

मोख सरूप सदा चिनमूरति—આત્મા સદાય મુક્તસ્વરૂપ છે. જે
વિકલ્પથી જુદો અને અબંધસ્વરૂપી છે તેને જ ભગવાન આત્મા કહેવા
જ્ઞાનપ્રકાશી—જ્ઞાનમૂર્તિ આત્મા સદા મોક્ષસ્વરૂપ છે. તેથી તેની ક્રિયા પણ મોક્ષ
છે. જ્ઞાન અને આનંદનું પરિણમન થવું તે આત્માની ક્રિયા છે.

ભગવાન કહે છે કે આત્માના આનંદનો અનુભવ કરવો તે ધર્મ છે અ
કરવો તે બંધ છે. આ બે ભાવમાંથી તારે જે ભાવ જોઈતો હોય તે લઈ લે, પ
કજિયા ન કરીશ કે અરે! અમે તો વ્રત, તપાદિ પાળતા હતા અને તમે ધમ
થાય એમ કહો છો?

ધીમેથી થોડું પણ સાચું સમજવું જોઈએ. ઘણાં ચોપડા વાંચે પ
શોધી ન કાઢે તે શા કામનું! આવા અવસર ફરી મળવા મુશ્કેલ છે. મનુ
અનંતકાળે મળવું બહુ દુર્લભ છે. એ આ મનુષ્યપણું મળી ગયું છે તેમાં ભગ
કહેલા માર્ગને સમજ્યો નહિ તો ભાઈ! તને કોઈ શરણ નથી. દેહના ક્ષણન
ભરોસા નથી. એક ભાઈ જુઓને! ગુજરી ગયા. સવારે તો વાંચન આપ્યું,
લીધો, કપડાં હાથે ધોયા અને બપોરે ૧૨ વાગે જ્યાં સામાયિક કરવા બેસે
હાર્ટ બંધ થઈ ગયું. આમ, કોઈના દેહનો ભરોસો નથી. કરવાનું કામ કરે નહિ
નહિ કરવાના કામ કરીને ચાલ્યો જશે. પૈસાવાળાને એમ હોય કે અમે પૈસા
વિલાયતથી ડોક્ટર બોલાવશું અને સ્વજનને બચાવી લેશું પણ ભાઈ! ડોક્ટર
ઉપરથી ઇન્દ્ર ઊતરે તોપણ કોઈ તને બચાવી નહિ શકે! દેહની સ્થિતિ પૂરી
છૂટીને જ રહેશે અને ફરી આવા સમજવાના ટાણાં તને નહિ મળે. સમજણરૂપી
સોયમાં પરોવ્યો હશે તો સોય ખોવાશે નહિ પણ જો સાચી સમજણ ન ક
ચોરાશીના અવતારમાં ક્યાંય ખોવાઈ જઈશ. સાચી સમજણ કરી હશે તો
મરણના ચક્રમાંથી બહાર નીકળી જઈશ.

जावतकाल बसै जहां चेतन...જેટલો કાળ આત્મામાં વસે છે એટલો
આત્માના આનંદને અનુભવે છે. શ્રાવક અને મુનિઓ જેટલો કાળ આત્મામાં ર

થઈને વસે છે એટલો કાળ रस रीति गही है એટલે કે આત્માના આનંદને અનુભવે છે. આત્મસ્વભાવમાં વસે છે તે જ ખરો ચેતન છે. રાગમાં વસે છે તે ચેતન નથી અને મકાનમાં અને બાયડી-છોકરાના સંગમાં તો આત્મા કદી વસતો જ નથી. મફતનો બધાંને મારા માનીને બેઠો છે. જે તારું હોય તે તારાથી જુદું કેમ પડે!

ચંડાલણીના બંને પુત્રોની વાત આવી હતી ને! બ્રાહ્મણના ઘરે એક છોકરો મોટો થયો તે કહે મારે આ ન ખપે, આ ન ખપે તેમ, શુભભાવમાં અજ્ઞાની મારે આ ન ખપે અને આમ જ જોઈએ...એમ કરે છે પણ તારો ભાવ પોતે જ વિભાવ છે તેનું શું! જ્ઞાનસ્વરૂપ આત્માને વિકલ્પ જ ખપતાં નથી પછી ભલે તે શુભ વિકલ્પ હો...આત્માને તે મફતમાં પણ ખપતો નથી.

પુણ્ય-પાપના વિકલ્પનો આશ્રય છોડીને જેટલો કાળ ભગવાન આત્માના આશ્રયમાં રહે છે ત્યાં સુધી જીવની દશા શિવરૂપ રહે છે. એટલો કાળ અબંધસ્વરૂપ આત્મા પર્યાયમાં પણ અબંધ થઈ જાય છે. પરંતુ જ્યારે સ્વરૂપમાંથી છૂટીને ક્રિયામાં આવે છે ત્યારે બંધનો વિસ્તાર વધે છે. જ્ઞાનીને વિકલ્પ તો આવે છે પણ તે અસ્થિરતાને કારણે આવે છે. અજ્ઞાનીને તો સ્વરૂપમાંથી ખસીને વિકલ્પ આવે છે. તેથી તે બંધનો વિસ્તાર વધારે છે પણ જ્ઞાનીને સ્વરૂપના ભાનપૂર્વક શુભવિકલ્પ આવે છે તે પુણ્યબંધનું કારણ થાય છે. [ ક્રમશઃ ]

## ❋ પુરુષાર્થના બહાને છેતરાઈશ નહીં ❋

શ્રદ્ધાનમાં વિપરીતતા હોવાથી સમ્યક્ત્વ અટકે છે—થતું નથી અને પુરુષાર્થની નબળાઈથી ચારિત્ર અટકે છે—પ્રગટતું નથી. છતાં, સમ્યક્ત્વ નહિ થવામાં શ્રદ્ધાનની વિપરીતતાને બદલે પુરુષાર્થની નબળાઈ માનવી એ તો ડુંગર જેવડા મહાન દોષને રાય સમાન અલ્પ જાણે છે; તે ડુંગર જેવડા મહાન દોષને છેદી નહીં શકે. —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ અધિકાર સ્વાધ્યાયતપનો છે. જૈન વીતરાગનાં શાસ્ત્રોની સ્વાધ્યાયનો સાર આ ગાથામાં કહે છે એટલે કે આખા જૈનશાસનનો સાર આ ગાથામાં છે. સમયસાર ગાથા ૧૫માં અબદ્ધસ્પૃષ્ટાદિ આત્માને જાણે છે તે જૈનશાસનને જાણે છે એમ કહેલ છે, તે આ ગાથામાં સનાતન વીતરાગમાર્ગનું આખું શાસન સમાડી દીધું છે. માટે આ ગાથા ઘણી ઊંચી છે, વાંચણી લે, પ્રશ્ન કરે, શાસ્ત્રનો અભ્યાસ કરે એ બધાનો સાર આ ગાથામાં છે.

जो अप्पाणं जाणदि असुइसरीरादु तच्चदोभिण्णं ।
जाणगरुवसरुवं सो सत्थं जाणदे सव्वं ॥ ४६५ ॥

અર્થઃ—" જે મુનિ આ અપવિત્ર શરીરથી પોતાના આત્માને ભિન્ન જ્ઞાયક સ્વરૂપ જાણે છે, તેણે સર્વ શાસ્ત્રો જાણ્યાં. "

આત્મા જ્ઞાયકસ્વરૂપ છે. તે પુણ્ય-પાપાદિ તત્ત્વોથી પણ ભિન્ન છે. આત્મા શરીરથી ભિન્ન છે એટલે કાર્મણ શરીરથી પણ ભિન્ન છે. પુણ્ય-પાપ તે પણ કાર્મણ શરીરમાં સમાઈ જાય છે. એનાથી આત્મા છે એમ જાણવું તે ચારે અનુયોગનો સાર છે. ચારે અનુયોગનાં શાસ્ત્રોમાં આ એક જ વાત છે કે આત્મા રાગાદિ અને શરીરાદિ પરદ્રવ્યોથી ભિન્ન છે, એમ જાણવું ધર્મ છે. જે શાસ્ત્રો રાગથી, પુણ્યથી કે શરીરાદિ નિમિત્તથી આત્માને લાભ થાય એમ કહે તે શાસ્ત્રો જ નથી અને વીતરાગનાં શાસ્ત્રો જ નથી અને વીતરાગનાં શાસ્ત્રો વાંચીને એમાંથી સાર એમ કાઢે કે રાગથી અને પરથી લાભ થાય તો તે શાસ્ત્રોના અર્થને સમજ્યો નથી. આત્મા જ્ઞાયકસ્વરૂપી પરથી ભિન્ન છે એમ જાણવું તે જૈનશાસનનો સાર છે. માટે જેને સમજવું હોય તેણે આ જ સમજવું, વિચારવું હોય તેણે આ જ વિચારવું અને પ્રશ્ન કરવો હોય તો તેણે આ જ પ્રશ્ન કરવો એ સાર છે.

સમયસાર ગાથા ૧૫માં સકળ જિનશાસનનો સાર છે. કોઈને એમ થયું છે કે કુંદકુંદાચાર્યદેવ બીજું કહે છે અને સમંતભદ્રાચાર્ય બીજું કહે છે પણ એમ નથી, અષ્ટસહસ્રી આદિ વ્યવહાર અને ન્યાયના ગ્રંથોમાં નિમિત્ત બીજો પદાર્થ છે એનું જ્ઞાન કરાવે છે પણ નિમિત્તના કારણે ઉપાદાનમાં કાંઈ કામ થાય છે એમ નથી. જેને

આ વાત સમજાતી નથી તેનામાં ખળભળાટ ઊઠ્યો છે કે નિમિત્ત હોય તો જ ઉપાદાનમાં કામ થાય, પણ અહીં તો આ ગાથામાં કહે છે કે આત્મા જ્ઞાયકસ્વરૂપ નિમિત્ત અને રાગાદિથી ભિન્ન છે એમ જાણ્યું તેણે જિનશાસન જાણ્યું. બધા શાસ્ત્રોનો સાર આમાં આવી જાય છે. હા, નિમિત્ત બીજી વસ્તુ છે ખરી, પણ ઉપાદાનમાં પોતાના કારણે કાર્ય થાય ત્યારે પરવસ્તુમાં નિમિત્તપણાનો આરોપ આવે છે, એમ જાણે તેણે સર્વ શાસ્ત્રોને જાણ્યા, બીજા શાસ્ત્રો નિમિત્ત અને વ્યવહારની વાત કરે છે તો ત્યાં નિમિત્ત અને વ્યવહાર છે એવું જ્ઞાન કરવું. પણ તેનાથી ઉપાદાનમાં કાંઈ કાર્ય થાય છે કે નિશ્ચય પ્રગટે છે એમ સમજવું નહિ.

સર્વજ્ઞ ભગવાને ચારે અનુયોગોમાં જ્ઞાયકસ્વભાવી આત્મા શરીર આદિથી ભિન્ન છે એમ કહ્યું છે, આમ જાણતાં તેમાં દેવ-શાસ્ત્ર-ગુરુની યથાર્થ ઓળખાણ પણ આવી ગઈ.

દ્રવ્યાનુયોગની અપેક્ષાએ જ્ઞાન આત્માથી થાય અને ચરણાનુયોગની અપેક્ષાએ જ્ઞાન રાગ અને નિમિત્તથી થાય એમ નથી. આખા જૈનશાસનનો સાર તો એ છે કે આત્મા જ્ઞાયકસ્વરૂપી છે અને પરથી ભિન્ન છે એમ જાણવું. આમ જાણ્યું તેણે સર્વ શાસ્ત્રો જાણ્યાં.

આત્મા પરથી ભિન્ન જ્ઞાયક છે એની જેને ખબર નથી તે પોતાની કલ્પનાથી શાસ્ત્રો વાંચીને, જ્ઞાનકાંડ, કર્મકાંડ અને ભક્તિકાંડ એવા ત્રણ કાંડથી આત્મામાં કાર્ય થાય એમ માને છે અને બીજાને મનાવે છે પણ એ વાત ખોટી છે. આત્માને પરની ભક્તિથી, કર્મથી કે રાગથી ધર્મ થતો નથી કેમકે પરની સાથે એને કાંઈ સંબંધ નથી, પરથી કાર્ય થાય એમ જે માને છે તે શાસ્ત્રોના અર્થને સમજ્યો નથી. આત્મા જ્ઞાયક છે એને જાણ્યો ત્યારે જે ભક્તિ આદિનો શુભભાવ હોય છે તેને નિમિત્ત કહેવાય છે પણ કર્મકાંડ કે ભક્તિકાંડથી જ્ઞાનકાંડ પ્રગટ થાય એમ નથી.

સર્વજ્ઞ વીતરાગદેવનાં શાસ્ત્રોનું યથાર્થ જ્ઞાન થયું એટલે અન્ય શાસ્ત્રો શું કહે છે તેનું જ્ઞાન પણ થઈ જાય છે. દિગંબર સંતોનો રચેલો નાનામાં નાનો ગ્રંથ લ્યો કે મોટો ગ્રંથ લ્યો તો તે બધાનો સાર એક જ છે. સમયસારની ગાથા ૧૫મા આ વાત કરી છે અને અહીં સ્વાધ્યાયની વાત કરતાં જ્ઞાયકની વાત મૂકી છે. આનાથી વિરુદ્ધ માને તે સ્વાધ્યાયને સમજતો પણ નથી.

આત્મા ચૈતન્યમૂર્તિ છે. એની પર્યાય સમયે સમયે જે થાય છે તે પોતાના કારણે પોતામાં થાય છે છતાં દ્રવ્યદૃષ્ટિને મુખ્ય કરી તેને અભૂતાર્થ કહે છે. વસ્તુદૃષ્ટિમાં પદાર્થને ભૂતાર્થ કહેલ છે. અપેક્ષાએ પોતાની પર્યાયને અભૂતાર્થ કહી છે તો પછી

પરની પર્યાય મારાથી થાય છે એમ માનીને પર પર્યાયને ભૂતાર્થ કરવા માગે છે તે તો સ્થૂલ મિથ્યાદૃષ્ટિ છે, એને દ્રવ્ય સન્મુખ જોવાનો અવકાશ પણ નથી અને જે પોતાની પર્યાય પોતાથી છે તેને નિમિત્તના કારણે છે એમ માને તે ભૂતાર્થને અભૂતાર્થ કરવા માગે છે તે પણ ખોટો છે. દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાએ પર્યાયને અભૂતાર્થ કરવી જોઈએ એમ ન કરતાં નિમિત્તના કારણે માનીને અભૂતાર્થ કરે છે તેને પણ સ્વભાવદૃષ્ટિ ત્રણ કાળમાં થતી નથી. શાસ્ત્રમાં અભેદની દૃષ્ટિએ ભેદને ગૌણ કરીને વ્યવહાર કહી તેને અભૂતાર્થ કહેલ છે. છતાં અજ્ઞાની નિમિત્તના કારણે પર્યાય થાય છે એમ માની છતી પર્યાયને અછતી માને છે તેને દ્રવ્યદૃષ્ટિ થવાનો અવકાશ નથી.

પર્યાય દ્રવ્યમાં અભેદ થતાં ભેદ દેખાતો નથી માટે પર્યાયને અભૂતાર્થ કહેલ છે પણ પર્યાય છે જ નહિ એમ એનો અર્થ નથી અને પર્યાય પરથી થાય છે એમ પણ નથી. આમ હોવા છતાં પર્યાય પરથી થાય છે અથવા પર્યાયનો અભાવ છે એમ જે માને છે તે એકાંત મિથ્યાદૃષ્ટિ છે. સર્વજ્ઞે કહેલાં શાસ્ત્રોમાં આ વાત હોય છે. સર્વજ્ઞના નામે કલ્પિત શાસ્ત્રો રચ્યાં છે તેમાં આ વાત છે જ નહિ કેમકે એ તો ગૃહીત મિથ્યાદૃષ્ટિના લખેલા છે.

ચૌદ પૂર્વ અને બાર અંગનો સાર આ ગાથામાં આચાર્ય ભગવાને નાંખી દીધો છે. જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ છૂટે નહિ અને અંતર્લીનતા રહે એ જ મુનિપણું છે. જે જે મુનિને જે જે કાળે જેવો જેવો વિકલ્પ આવ્યો તેવાં તેવાં શાસ્ત્રો એના કારણે લખાઈ ગયા છે.

શરીરાદિ પરદ્રવ્યો આત્માથી ભિન્ન છે અને તેના નિમિત્તે થતાં રાગાદિ પરિણામો પણ છે પણ તે આત્માના ત્રિકાળી સ્વભાવમાં નથી એમ જાણવું તે ભેદાભેદનું યથાર્થ જ્ઞાન છે. આવા વિચારો સાધકને હોય છે. કેવળીને હોતા નથી એથી કરીને કેવળીને પર્યાય હોતી નથી. એમ નથી પર્યાયને અભૂતાર્થ માનવામાં બે દૃષ્ટિ છે. એક તો પરના કારણે પર્યાય થતી માને તે છતી પર્યાયને અભૂતાર્થ માને છે તે ભ્રાંતિ છે એટલે મિથ્યાદૃષ્ટિ છે અને પોતાના ત્રિકાળી સ્વભાવમાં નથી માટે અભૂતાર્થ છે એમ જે માને છે તે સમ્યગ્દૃષ્ટિ છે. આ વાત સમજ્યા વિના આ મનુષ્યભવ પૂરો થઈ ગયો તો પછી પત્તો ખાશે નહિ માટે સમ્યગ્જ્ઞાનરૂપી દોરો આત્મારૂપી સોયમાં પરોવી લેવો એ આત્માનું કર્તવ્ય છે અને તો જ આત્મા ચોરાશીના અવતારમાં ખોવાશે નહિ.

ભાવાર્થ:—જે મુનિ પોતાના આત્માનું સ્વરૂપ અશુચિમય શરીરથી ભિન્ન છે અને જાણવા-દેખવાના શુદ્ધ ઉપયોગવાળું છે એમ જાણે અને નિર્ણય કરે તે બધાં

શાસ્ત્રને જાણે છે પણ પોતાના સ્વરૂપને જાણે નહિ અને હજારો ગ્રંથો વાંચે—સ્વાધ્યાય કરે તોપણ એથી એના આત્માને કાંઈ લાભ થતો નથી શાસ્ત્રનું થોડું જ્ઞાન હોય પણ એનો સાર કાઢી લે તો શાસ્ત્રોને જાણ્યા કહેવાય અને જેને આત્માનું ભાન હોય છે એ દેવાદિના સ્વરૂપને પણ બરાબર જાણે છે એનો વિવેક એને બરાબર હોય છે. અજ્ઞાનીને એમ લાગે છે કે નિમિત્તને લીધે ઉપાદાનમાં કાર્ય થતું માનો તો નિમિત્ત માન્યું કહેવાય. વળી એને એમ લાગે છે કે એમ ન માને તો અમારો વિનય પછી કોણ કરશે? પણ તે શાસ્ત્રને સમજ્યો નથી.

जो णवि जाणदि अप्पं णाणसरुवं सरीरदो भिण्णं ।
सो णवि जाणदि सत्थं आगमपाढं कुणंतो वि ॥ ४६६ ॥

અર્થ:—જે મુનિ પોતાના આત્માને જ્ઞાનસ્વરૂપ અને શરીરથી ભિન્ન જાણતો નથી તે આગમ પાઠ કરે છે તોપણ શાસ્ત્રને જાણતો નથી.

પણ શરીરથી આત્મા ભિન્ન છે માટે શરીરથી આત્મામાં કાંઈ કામ થાય નહિ અને આત્માથી શરીરમાં કાંઈ કામ થાય નહિ એમ માને તો બન્નેને ભિન્ન માન્યા કહેવાય. એ વાતની જેને ખબર નથી તે શાસ્ત્રને જાણતો નથી. શાસ્ત્રને તે ખરેખર ભણ્યો જ નથી.

આત્મા, પુદ્ગલ આદિ છ દ્રવ્યો પૃથક્ પૃથક્ છે, દરેક પદાર્થની ક્રિયા પૃથક્ પૃથક્ થઈ રહી છે અને પોત પોતાના કારણે થઈ રહી છે એમ ન માને તો પૃથક્ પૃથક્ દ્રવ્ય પણ સિદ્ધ થતાં નથી અને એનું જ્ઞાન પણ સમ્યક્ થતું નથી આત્મા અને દશ પ્રાણો પૃથક્ પૃથક્ છે, છતાં આત્મા પ્રાણોને ધારણ કરે છે એમ કહેવું તે વ્યવહારકથન છે. દરેકે દરેક પરમાણુ ભિન્ન ભિન્ન છે અને આત્માથી શરીરના પરમાણુ ભિન્ન છે. એમ શાસ્ત્રનો સ્વાધ્યાય કરીને જે સમજતો નથી તે શાસ્ત્રને જાણતો નથી.

ભાવાર્થ:—શાસ્ત્રો વાંચવાનો અને અભ્યાસ કરવાનો સાર તો પોતાનું સ્વરૂપ જાણી. રાગ-દ્વેષરહિત થવું એ છે. હવે જો શાસ્ત્રો ભણીને પણ એમ ન થયું તો તે શું ભણ્યો? પોતાનું સ્વરૂપ જાણી તેમાં સ્થિર થવું તે નિશ્ચય સ્વાધ્યાયતપ છે. દિગંબર સંત મુનિઓની એકધારી વાત હોય છે. એ સિવાય બીજાઓની વાતમાં તો મેળ જ હોતો નથી, છાશ-બાકળાની જેમ મેળ વગરની મિથ્યાદૃષ્ટિઓની વાતો હોય છે એવા જીવો તો ચાર ગતિમાં રખડે છે. ખોટા શાસ્ત્રો ભણવાથી લાભ થતો નથી. માટે આત્મા જ્ઞાયક છે એનો નિર્ણય કરી તેમાં લીન થવું તે સાચો સ્વાધ્યાયતપ છે એમ જાણવું.

[ ક્રમશ: ]

# ✵ અનાદિ-દેવ દેવાલયમાં વસતા નથી ✵

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૭૭ )

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે તેમાં પ્રથમ અધિકારની ૧૨૨ ગાથા ચાલે છે. યોગીન્દ્રદેવ કહે છે કે રાગાદિ રહિત નિજમનમાં પરમાત્મા નિવાસ કરે છે.

णिय-मणि णिम्मलि णाणियहँ णिवसइ देउ अणाइ ।
हंसा सरवरि लीणु जिम महु एहउ पडिहाइ ॥ १२२ ॥

અર્થ:—જ્ઞાનીઓના રાગાદિમલરહિત નિજમનમાં આરાધવાયોગ્ય અનાદિદેવ શુદ્ધાત્મા નિવાસ કરી રહ્યો છે જેમ, માનસરોવરમાં લીન થયેલો હંસ વસે છે તેમ.

જુઓ! ભાષા કેવી વાપરી છે! વીતરાગી પર્યાય તો નવી ઉત્પન્ન થાય છે માટે આદિવાળી છે પણ ભગવાન આત્મા તો અનાદિદેવ છે તેને કોઈ આદિ નથી. એ અનાદિદેવ જ આરાધવાયોગ્ય છે. જેમ માનસરોવરમાં હંસ મોતી ચરવામાં લીન હોય છે તેમ, જ્ઞાનીઓની જ્ઞાનપર્યાય અનાદિનાથને આરાધવામાં લીન હોય છે.

ગુરુ શિષ્યને કહે છે કે હે પ્રભાકર ભટ્ટ! જ્ઞાનીની પર્યાય જ્ઞાયકમાં લીન છે એમ અમને દેખાય છે. આખો જ્ઞાનપર્યાય જ્ઞાનાનંદ સ્વભાવમાં લીન થયેલો માલુમ પડે છે. શાંતિના મોતી ચરનારા જ્ઞાનીજનો શાંતસ્વરૂપ આત્મામાં જ વસે છે. જેના શ્રદ્ધા-જ્ઞાનમાં શુદ્ધાત્મભગવાન બેઠો છે તેને જ્ઞાન અને શાંતિના જ ચારા હોય, રાગના ચારા તેને ન હોય. હંસલા રેતીને ન ચરે, મોતી જ ચરે તેમ, જ્ઞાની રાગને ન અનુભવે, જ્ઞાનાનંદને જ અનુભવે. રાગથી મલિન ચિત્તમાં જ્ઞાની વસતાં નથી. આમ શ્રી યોગીન્દ્રદેવ પ્રભાકરભટ્ટને કહે છે.

જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયક સમીપમાં છે. રાગ તેની સમીપમાં નથી, દૂર છે. ધર્મી—સમ્યગ્દૃષ્ટિ—જ્ઞાનીની સમીપમાં જ્ઞાયક છે, રાગાદિ સમીપમાં નથી. રાગાદિની સમીપ જ્ઞાની જતાં પણ નથી કેમકે જ્ઞાનીનું ચિત્ત જ્ઞાયક સિવાય ક્યાંય લીન થતું નથી.

ભાવાર્થ:—આગળની ગાથામાં કહ્યું હતું કે ચિત્તની આકુળતાના ઉપજાવનારા સ્ત્રીનું રૂપ દેખવું, સેવવું, ચિંતા આદિથી ઉત્પન્ન થયેલા રાગાદિ તરંગોના સમૂહથી ભરેલા મલિન ચિત્તમાં જ્ઞાની વસતાં નથી. તો જ્ઞાની ક્યાં વસે છે?

છે રાગાદિની મલિનતાથી રહિત નિજ શુદ્ધાત્મ દ્રવ્યના શ્રદ્ધાન, સ્વાભાવિક જ્ઞાન અને તેનાથી ઉત્પન્ન વીતરાગ પરમસુખરૂપ અમૃતરસ સ્વરૂપ નિર્મળ નીરથી ભરેલાં જ્ઞાનીઓના માનસસરોવરમાં પરમાત્માદેવરૂપી હંસ નિરંતર નિવાસ કરે છે.

અહીં તો અશુભભાવોથી વાત લીધી છે પણ અશુભ અને શુભ બંને પ્રકારના ભાવોથી રહિત નિજ શુદ્ધાત્મદ્રવ્યની અંતરમુખ પ્રતીતિ અને સ્વાભાવિક જ્ઞાન નામ જ્ઞાનનું સ્વસંવેદન અને તેનાથી ઉત્પન્ન વીતરાગ પરમરસથી ભરેલા મનમાં જ્ઞાની વસે છે.

અતીન્દ્રિય આનંદના પિંડરૂપ શુદ્ધાત્મતત્ત્વના શ્રદ્ધા અને જ્ઞાનથી ઉત્પન્ન થયેલા આનંદથી ભરેલા જ્ઞાનીના જ્ઞાનરૂપી માનસસરોવરમાં જ્ઞાનીનો વસવાટ છે. જેમ હંસ માનસસરોવરમાં વસે છે તેમ સમ્યગ્જ્ઞાનના સરોવરમાં જ્ઞાની વસે છે. આ માત્ર ચોથા આરામાં થયેલા જ્ઞાનની જ વાત નથી, પાંચમા આરામાં થઈ ગયેલા મુનિઓ જ આ વાત કરે છે કે ગમે તે ક્ષેત્રમાં હો કે ગમે તે કાળમાં હો જ્ઞાનીનો નિવાસ જ્ઞાનાનંદ સરોવરમાં જ છે. જ્ઞાનીઓના નિર્મળ ચિત્તમાં જ ધર્મનો નિવાસ હોય છે.

શ્રી યોગીન્દ્રદેવનો આ અભિપ્રાય છે કે મને તો એમ ભાસે છે કે, આ જ્ઞાનમાં ભગવાન વસે છે. આગળ ૧૨૩ ગાથામાં પણ આ જ વાતને આચાર્યદેવ દઢ કરે છે.

देउ ण देउले णवि सिलए णवि लिप्पइ णवि चित्ति ।
अखउ णिरंजणु णाणमउ सिउ संठिउ सम-चित्ति ॥१२३॥

મુમુક્ષુ:—આવી વાત સાંભળશે તો કોઈ મંદિર નહિ બંધાવે.

પૂજ્ય ગુરુદેવશ્રી:—મંદિર કોણ બંધાવી શકે છે! આ ભાઈએ એકલાએ રૂપિયા નાંખીને મંદિર બંધાવ્યું છે એમ કહેવાય છે પણ કોઈ વ્યક્તિ મંદિર બનાવી શકતાં નથી. મંદિર બને ત્યારે કોનો શુભવિકલ્પ નિમિત્ત હતો તે બતાવવા નિમિત્તનું નામ દેવાય છે, બાકી કાર્ય તો જે કાળે થવાનું હોય ત્યારે થાય છે.

અહીં તો કહે છે કે મંદિરમાં ભગવાન નથી.

શ્રોતા:—તો ભગવાન ક્યાં છે!

પૂજ્ય ગુરુદેવશ્રી:—એ તો જ્યાં છે ત્યાં ગોતવા જાય તો ખબર પડે. જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા પોતે જ ભગવાન છે તેને સમ્યગ્જ્ઞાન દ્વારા શોધે તો અનુભવમાં આવે. એવા જ્ઞાનીને અશુભ વંચનાર્થે મંદિર, પ્રતિમાજી તેની ભક્તિ, પૂજા આદિના ભાવ હોય છે એ બધું આગળ કહેશે. પણ અહીં તો પરમાર્થદેવ ક્યાં વસે છે તેની વાત કરે છે.

અર્થ:—આત્મદેવ દેવાલયમાં નથી પાષાણની પ્રતિમામાં પણ નથી, લેપમાં પણ નથી, ચિત્રામની મૂર્તિમાં પણ નથી. ( લેપ અને ચિત્રામની મૂર્તિ લૌકિકજન બનાવે છે. પંડિતજન તો ધાતુ અને પાષાણની મૂર્તિને જ મૂર્તિ માને છે. લૌકિક દ્રષ્ટાંત માટે ગાથામાં લેપ અને ચિત્રામનું નામ આવી ગયું છે. ) આ દેવ કોઈ જગ્યાએ રહેતો નથી. તે દેવ અક્ષય-અવિનાશી છે. કર્મના અંજનથી રહિત છે અને કેવળજ્ઞાનથી પૂર્ણ છે, એકલો જ્ઞાનનો પૂંજ છે. આવો નિજપરમાત્મા સમભાવમાં સ્થિત છે અર્થાત્ સમભાવપરિણત સાધુના મનમાં પરમાત્મા વસે છે. અન્ય જગ્યાએ નહિ.

જૈનદર્શનમાં વ્યવહારભક્તિમાં નિમિત્તરૂપે મંદિર અને ધાતુ અથવા પથ્થરના પ્રતિમાજી હોય છે પણ લેપ કે ચિત્રામની મૂર્તિ તો જૈનદર્શનમાં હોતી જ નથી.

સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને પણ સ્વરૂપનો જ આદર છે, રાગાદિનો આદર નથી. પણ અહીં તો મુક્તિના સાક્ષાત કારણભૂત એવા ચારિત્રની વિશેષતાથી વાત કરી છે તેથી સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન સહિત ત્રણ કષાયના અભાવવાળા સાધુના નિર્મળ ચિત્તમાં પરમાત્મા વસે છે એમ કહ્યું છે.

સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને પણ સ્વરૂપનો જ આદર છે. રાગનો આદર નથી. પરમાત્મસ્વરૂપ જ તેને આદરણીય છે એમ કહો કે જ્ઞાનમાં પરમાત્મા વસે છે એમ કહો, બંને એક જ છે. પણ અહીં વિશેષ મુનિપણાની વાત લીધી છે કેમ કે ચારિત્ર મોક્ષનું સીધુ કારણ છે. મુનિને સમ્યક્ શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન અને ત્રણ કષાયના અભાવરૂપ શાંતિ એટલે કે સમભાવ વર્તે છે તેમાં તેનો નિરંજનદેવ વસી રહ્યો છે. મનમાં એટલે સમભાવમાં આત્મદેવ વસે છે.

ભાવાર્થ:—જોકે. વ્યવહારનયથી ધર્મની પ્રવૃત્તિ માટે સ્થાપનારૂપ અરહંતદેવ દેવાલયમાં–મંદિરમાં બિરાજે છે. ધર્મ એટલે પુણ્યરૂપ વ્યવહારધર્મની પ્રવૃત્તિ માટે મંદિરમાં ધાતુ અથવા પાષાણના પ્રતિમાજી બિરાજમાન કરવામાં આવે છે અને તેના દર્શન, પૂજન, ભક્તિ આદિ હોય છે પણ નિશ્ચયદેવ તો સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિના પરિણામમાં જ બિરાજે છે. તે પરિણામ કેવા હોય છે કે જેમાં શત્રુ હો કે મિત્ર હો બંને સમાન છે, સુખ હો કે દુઃખ હો બંને સંયોગ સમાન છે, જીવન હો કે મરણ હો બંને સમાન છે. આવા સમભાવરૂપી મંદિરમાં ચૈતન્યપરમાત્મા વસે છે.

વીતરાગ સહજાનંદરૂપ પરમાત્મતત્ત્વના સમ્યક્-શ્રદ્ધાન-જ્ઞાન ચારિત્રરૂપ અભેદ રત્નત્રયમાં લીન એવા જ્ઞાનીઓના સમચિત્તમાં પરમાત્મા વસે છે. શુભભાવમાં

આત્મા વસે છે એમ ન કહ્યું પણ શુદ્ધ ઉપયોગમાં આત્મા વસે છે એમ કહે છે. આ જ રીતે અન્ય જગ્યાએ પણ સમચિત્તમાં પરિણત થયેલા મુનિઓનું લક્ષણ કહ્યું છે. જુઓ પ્રવચનસારના ત્રીજા અધ્યાયની ૪૧ મી ગાથા. આ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં વર્તતા મુનિની વાત છે. ૧૨ મા ગુણસ્થાનવાળા મુનિની વાત નથી.

પ્રવચનસારની ગાથાનો અર્થ એ છે કે જેને સુખ-દુઃખ સમાન છે એટલે કે, સંયોગો અનુકૂળ હો કે પ્રતિકૂળ હો પણ મુનિને-જ્ઞાનીને જ્ઞાતા-દૃષ્ટાપણામાં સમભાવ છે. ઉપસર્ગ હો, પરિષહ હો કે અનુકૂળ યોગ હો તેનાથી તે દુઃખી કે સુખી થતાં નથી. ચિત્તમાં તેને સમભાવ જ રહે છે. શત્રુનો મોટો વર્ગ હો કે મિત્રોનો વર્ગ હો, કોઈ નિંદા કરતું હોય કે કોઈ પ્રસંશા કરતાં હોય પણ બંને જેને મન સમાન હોય છે એવા સમચિત્તમાં પરમાત્મા વસે છે.

પદ્મનંદી આચાર્ય તો કહે છે કે અમારી નિંદા કરીને કોઈને સુખ થતું હોય તો થાઓ, અમારાં અવગુણ જોઈને સુખ થતું હોય તો એમ થાઓ અથવા અમને મારીને કોઈ સુખી થતું હોય તો એમ થાઓ, અમને પરની પર્યાયને ફેરવવાનો ભાવ નથી, ફેરવી શકતાં પણ નથી, અમારે તો શત્રુના ટોળા હો કે મિત્રના ટોળા હો બંને સમાન છે.

નિયમસારમાં પણ આવો કળશ આવે છે કે, બધાં માટે અમારે તો સમભાવ છે. મિત્રોમાં સાધર્મી જીવો આવી ગયા અને શત્રુમાં દુશ્મનનું મોટું ટોળું હોય તો એ બધાં પ્રત્યે અમને તો સમાન ભાવ વર્તે છે. બધાં જાણવાયોગ્ય જ્ઞેય છે. કોઈ પ્રસંશા કરે કે કોઈ નિંદા કરે એ તો બધી વાણીની અવસ્થા છે, તે અમારા નિજઘરમાં પ્રવેશ જ કરતી નથી. મુનિને જંગલમાં જતાં હીરાની ખાણ દેખાય કે કોલસાની ખાણ દેખાય તેની સાથે મુનિને કાંઈ સંબંધ નથી. બંને સમાન જ્ઞેય છે. મુનિને એમ પણ ન થાય કે, આ સોનુ કોઈની નજરમાં આવે તો બિચારા વાપરે તો ખરાં ! એમ ન થાય. હીરા હો, સોનુ હો કે પથ્થર હો બધી પુદ્ગલની પર્યાય છે એમ મુનિ જાણે છે તેથી બધું સમાન છે. આત્માને માટે તેની કાંઈ વિશેષતા નથી. લોકો હીરાને અને સોનાને ચાહે છે તેથી તે પુદ્ગલમાં કાંઈ વિશેષતા થઈ જતી નથી. પુદ્ગલને ચાહે છે એ તો મૂઢ છે. અમૂઢ એવા જ્ઞાની તો આત્માને ચાહે છે. આત્માને માટે કોઈ પુદ્ગલ ઠીક કે અઠીક નથી. બધા પુદ્ગલ સમાન છે. સમ્યગ્દૃષ્ટિને પણ શ્રદ્ધા-જ્ઞાનમાં કોઈ પુદ્ગલમાં ઠીક કે અઠીકપણું નથી, તેને રાગ અઠીક છે અને પરમાત્મા ઠીક છે.

જ્ઞાનીને જીવન કે મરણમાં પણ સમાનબુદ્ધિ છે. આયુષ્ય હો કે દેહની સ્થિતિ

પૂરી થતી હો—બંને સમાન છે. ધર્મીને ક્યાંય વિષમતા નથી. આવા સમભાવમાં પરિણમેલા જ્ઞાનીને મુનિ કહેવાય છે. તેના સમભાવમાં ભગવાન આત્મા વસે છે. તેથી અહીં કહ્યું કે, આવા સમભાવના ધારક શાંતચિત્ત યોગીશ્વરોના ચિત્તમાં ચિદાનંદદેવ વસે છે. મેલા દર્પણમાં મોઢું ન દેખાય તેમ રાગાદિથી મલિન ચિત્તમાં આત્મા દેખતો નથી. રાગરહિત વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતાના પરિણામમાં આત્મા વસે છે અને તેમાં જ તે જણાય છે. એ સિવાય રાગની મંદતામાં આત્મા જાણતો નથી. તેને બદલે અત્યારે તો રાગની મંદતાના પણ ઠેકાણા ન હોય અને સામાયિક પોષા આદિ કરીને જ્ઞાની થઈ ગયો એમ માને છે.

એક સમયમાં અનંતગુણોથી પૂર્ણ આત્માને એટલા જોરથી શ્રદ્ધા-જ્ઞાનમાં વસાવે અને પરિણતિમાં સમભાવ રહે ત્યારે તેણે આત્મદેવનું આરાધન કરીને અંતરમાં દેવને વસાવ્યો કહેવાય. આત્મદેવ જ પરમ આરાધ્ય દેવ છે. મંદિર અને મૂર્તિ આરાધ્ય છે પણ પરમ આરાધ્ય તો આત્મદેવ છે. ટીકામાં પ્રથમ જ શબ્દ મૂક્યો છે-देउ देव : परमाराध्यः ण नास्ति : દેવાલયમાં પરમ આરાધ્યદેવ વસતા નથી. પરમ આરાધ્ય આત્મદેવ દેહરૂપી દેવાલયમાં વસે છે, નિર્મળ, રાગરહિત શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિમાં આત્મા વસે છે, ધર્મમાં ધર્મી વસે છે. યોગીશ્વરોના શાંતિચિત્તમાં ચિદાનંદી ભગવાન વસે છે.

અરે! નિર્વિકલ્પતત્ત્વ આત્મદેવ શું વિકલ્પની જાળમાં વસે! શું શુભાશુભ વડે આત્મા જણાય! ન જણાય, કારણ કે શુભ-અશુભરાગ આત્માની જાતના નથી. વીતરાગ સમસ્વભાવી આત્મા તેની જાતની એટલે કે સમભાવની પર્યાય વડે જ જણાય. એ રીતે આ ગાથા પૂરી થઈ. [ ક્રમશઃ ]

[ વૈરાગ્ય અને પુરુષાર્થપ્રેરક પુરાણપ્રસંગ...પાનું ૨૩થી ચાલુ ]

પૂર્વભવની ભવાવલી સાંભળી સંસારથી વિરક્ત તત્કાળ જિનેશ્વર પાસે સંયમ અંગીકાર કર્યો. માતા કુંતી, દ્રૌપદી, સુભદ્રા આદિ અનેક રાણી રાજમતી આર્યિકા પાસે આર્યિકા થઈ.

[ દ્રૌપદીના જીવે નાગશ્રીના ભવમાં મુનિરાજ ઉપર ગુસ્સો કરીને વિષનો આહાર આપ્યો તેવા પરિણામનું ફળ બાવીશ સાગર નરકાદિના દુઃખો ભોગવ્યા અને દુર્ગંધાના ભવમાં પણ અર્જિકા થવા છતાં વેશ્યા સાથે પાંચ પુરુષો જોઈ ને તેને સૌભાગ્યશાળીનો ભાવ થવાથી અજશપ્રકૃતિનો બંધ થવાથી પાંચ પતિવાળી દ્રૌપદી લોકમાં કહેવાઈ. આમ જાણી પરિણામ બગાડવા નહિ ] —હરિવંશપુરાણમાંથી ટુકસાર

# વૈરાગ્ય અને પુરુષાર્થપ્રેરક પુરાણપ્રસંગ

## [ દ્રૌપદીના જીવની વૈરાગ્યમય ભવાવલી ]

તે પાંડવો મહાપરાક્રમી, સંસારથી ભયભીત, પલ્લવ દેશ વિષે જ્યાં ભગવાન શ્રી નેમિનાથ બિરાજે છે ત્યાં ગયા. ચતુરનિકાયના દેવથી ભરેલા સમવસરણ વિશે પરમેશ્વર બિરાજે છે ત્યાં જઈ જિનેન્દ્રને પ્રદક્ષિણા દઈને ભાવસહિત નમસ્કાર કરીને ધર્મ શ્રવણ કરી જિનેશ્વરને પોતાના પૂર્વભવોનો પ્રશ્ન કર્યો. પ્રભુ દિવ્યધ્વનિ દ્વારા કહે છે કે આ ભરતક્ષેત્ર વિષે ચંપાપુરીના રાજા મેઘવાહન. તેની નગરીમાં સોમદેવ બ્રાહ્મણ, તેની પત્ની સોમીલા. તેને પુત્ર ત્રણ હતા, તેનું નામ સોમદત્ત, સોમિલ, સોમભૂતિ તેના મામા અગ્નિભૂતિ, તેની સ્ત્રી અગ્નિલા, તેને ત્રણ પુત્રી ધનશ્રી, મિત્રશ્રી, નાગશ્રી એને સોમદત્ત, સોમિલ અને સોમભૂતિ ત્રણે ભાઈ પરણ્યા, આ બ્રાહ્મણ માતા-પિતા અને ત્રણે ભાઈ તેમ જ બન્ને વહુ. મહાજિનધર્મિ, સંસાર શરીરથી ઉદાસ, શાસ્ત્રના જાણનાર, ત્રીજાભાઈની પત્ની નાગશ્રી ધર્મથી વિમુખ. એક દિન ધર્મરુચિ નામના મુનિ આહારના સમયે શ્રાવકનું ઘર જાણી આમને ઘેર આવ્યા. મોટાભાઈ સોમદત્તના ઘરે આહાર માટે ગયા અને કોઈ કામની આકુળતા થવાથી સોમદત્ત ત્રીજા ભાઈની સ્ત્રી નાગશ્રીને આહારદાનની આજ્ઞા કરીને ગયા. તે પાપીણીએ મુનિને વિષસહિત આહાર આપ્યો. તે મહામુનિ સમાધિ કરીને સર્વાર્થસિદ્ધિ ગયા અને ત્રણે ભાઈ ઓએ નાગશ્રીનું આ કર્તવ્ય જાણી વરણ નામના મુનિ પાસે જિનદીક્ષા લઈ મુનિ થયા અને ધનશ્રી અને મિત્રશ્રી બે ભાઈની વહુઓ ગુણવતી આર્યાની પાસે આર્યિકા થઈ. સંસારવાસથી વિરક્ત થઈ ત્રણે મુનિ અને બંને આર્યિકા રત્નત્રયની શુદ્ધતા માટે તપશ્ચરણમાં ઉદ્યમી થયા.

શ્રી ગુરુના મુખથી દર્શન જ્ઞાન ચારિત્રના ભેદ ધારીને સોમદત્ત આદિ ત્રણે (ભાઈઓ) મુનિ અને બન્ને આર્યિકા આરાધના આરાધી આરણ અચ્યુત સ્વર્ગમાં પાંચે જીવ ૨૨ સાગર આયુષ્યના ધારક દેવો થયા.

ત્રીજાભાઈની સ્ત્રી નાગશ્રી જેણે મુનિને આહારમાં વિષ આપેલ તે મરીને પાંચમી નરક ગઈ. ત્યાં સત્તર સાગર મહાદુઃખ ભોગવ્યું. ત્યાંથી નીકળી અંતના સ્વયંપ્રભ નામના દ્વીપમાં દૃષ્ટિવિષ નામનો સર્પ થઈ ત્યાંથી મરીને ત્રીજે નરક ગઈ. ત્યાં ત્રણ સાગર દુઃખ ભોગવ્યું. ત્યાંથી નિકળી તિર્યંચ થઈ. વળી બે સાગર ત્રસ સ્થાવર યોનિમાં ભ્રમણ કર્યું. તે પછી ચંપાપુરમાં ચાંડાલની પુત્રી થઈ. ત્યાં સમાધિગુપ્ત નામના મુનિનો સમાગમ થવાથી દારૂ માંસ મધુનો ત્યાગ કર્યો. ત્યાંથી મરીને ચંપાપુરીમાં જ સુબંધુ નામના શેઠની સુકુમારિકા નામની પુત્રી થઈ પણ પૂર્વના પાપના ઉદયથી

શરીર રૂપવાન હોવા છતાં મહાદુર્ગંધી મળ્યું તે દુર્ગંધતાના કારણે કોઈ તેને પરણે નહિ. તે જ ચંપાપુરીમાં ધનદેવ નામના શેઠને બે પુત્ર હતા. તેમાં મોટા પુત્ર જિનદેવ સાથે દુર્ગંધાની સગાઈ થવાથી જિનદેવ મુનિ થયો. નાનો પુત્ર જિનદત્ત તેણે કુટુંબના આગ્રહથી દુર્ગંધા સાથે લગ્ન કર્યું પણ તે દુર્ગંધાને છોડીને દેશાંતર ચાલ્યો ગયો તેથી દુર્ગંધા પોતાની નિંદા કરતી થકી તપ કરવા લાગી. એક દિન ક્ષાતા નામની આર્યાને આહાર આપ્યો. તેની સામે બે આર્યા નવયૌવન તેને દેખી દુર્ગંધાએ ગુરાણીજીને પૂછ્યું કે માતાજી! આ બન્ને આર્યિકા અતિ રૂપવાન નવયૌવનમાં શું કારણથી વૈરાગ્ય થયો? ત્યારે દયાવાન ગુરાણી તેના વૈરાગ્યનું કારણ દુર્ગંધાને પ્રતિબોધવા માટે કહે છે કે હે સુકુમારી! જે કારણથી આ બન્નેને વૈરાગ્ય થયો તે તું સાંભળ! પૂર્વભવ વિષે સૌધર્મ ઈન્દ્રની દેવીઓ હતી. એકનું નામ વિમળા બીજીનું નામ સુપ્રભા હતા. એક દિવસ તે નંદીશ્વરદ્વીપમાં જિનપૂજા માટે ગઈ હતી. ત્યાં તેમને વૈરાગ્ય ઉપજ્યો ત્યારે આ બંનેએ પ્રતિજ્ઞા કરી કે દેવગતિમાં તો તપ નથી અમે મનુષ્યભવ પામીને મહાતપ કરશું જેનાથી સ્ત્રી પર્યાય મટે ને ભવભ્રમણ ન થાય.

આ પ્રતિજ્ઞા કરી અને દેવ પર્યાયથી ચ્યુત થઈને સાકેતપુરીમાં રાજા શ્રીષેણની રાણી શ્રીકાંતા તેની પુત્રીઓ થઈ જ્યારે તે બંને યૌવનવંતી થઈ ત્યારે પિતાએ તેના સ્વયંવર રચ્યો. ત્યારે તે બંને બહેનો પૂર્વજન્મની પ્રતિજ્ઞાનું સ્મરણ થતાં કુટુંબને તજી આર્યિકા થઈ છે. આ વચન ગુરાણીનું સાંભળી દુર્ગંધાને પણ વૈરાગ્ય થતા આર્યિકા થઈ. ગુરાણીની સાથે તપ કરી શરીર સૂકવી નાખ્યું.

એક દીન વનમાં વસંતસેના વેશ્યા ક્રિડા વિષે પાંચ પુરુષસહિત આવી તેને દેખીને દુર્ગંધાને એવો ભાવ થયો કે આ સૌભાગ્યવતિ છે. આ પરિણામ થવાથી અજશપ્રકૃતિનો બંધ થયો તેથી અબુધ લોકો પાંચ ભરથારી દ્રૌપદીને કહે છે. તે પછી તપસ્વીની સમાધિ મરણ કરી નાગશ્રીના ભવનો પતિ જે સોમભૂતિનો જીવ સ્વર્ગમાં દેવ હતો તેની દેવી થઈ. ત્યાંનું આયુષ્ય પૂરું કરી ત્યાંથી ચ્યુત થઈ સોમદત્ત સોમદેવ સોમભૂતિ આ ત્રણે ભાઈ રાજા પાંડવની રાણી કુંતીને ત્રણ પુત્ર યુધિષ્ઠિર, ભીમ, અર્જુન થયા અને ધનશ્રી મિત્રશ્રીના જીવો બીજી રાણી માદ્રીને નકુલ ને સહદેવ નામે પુત્ર થયા અને નાગશ્રીનો જીવ રાજા દ્રુપદને રાણી દઢરથને દ્રૌપદી નામની પુત્રી થઈ પૂર્વભવના યોગથી અર્જુન સાથે સ્નેહથી અર્જુનને પરણી આ પૂર્વભવનો વૃતાંત શ્રી નેમજિનેન્દ્રે પાંડવને કહ્યો યુધિષ્ઠિર, ભીમ, અર્જુન ત્રણ ભાઈઓ આ જ ભવે મોક્ષ જશે અને નકુલ સહદેવ સર્વાર્થસિદ્ધ જઈ એક ભવ કરી મોક્ષ જશે. દ્રૌપદી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી શુદ્ધતપના પ્રભાવથી અચ્યુત સ્વર્ગમાં દેવ થશે. ત્યાંથી નરભવ પામી નિરંજનધામ જશે. આમ

[ અનુસંધાન પાનું ૨૧ પર ]

[ તા. ૩-૧૦-૯૭ ]

## સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છેઃ—

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ
પ્રાતઃ જિનેન્દ્ર-દર્શન-પૂજા
સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન
બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : શ્રી સમયસાર ઉપર શાસ્ત્રવાંચન
બપોરે પ્રવચન પહેલાં : પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની સ્તુતિ
બપોરે પ્રવચન પછી : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ
બપોરે ૪-૧૫ થી ૫-૦૦ : જિનેન્દ્રભક્તિ
સાંજે ૭-૪૫ થી ૮-૪૫ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી નાટક સમયસાર ઉપર ભાવવાહી ટેપ-પ્રવચન

### અધ્યાત્મતીર્થક્ષેત્ર સુવર્ણપુરીમાં અત્યંત આનંદોલ્લાસથી ઉજવાયેલ

## બહેનશ્રી ચંપાબેનની ૮૪મી જન્મજયંતી

દુર્લભ એવી દ્રવ્યદૃષ્ટિની પ્રાપ્તિ અર્થે પરમાત્મપણાનો મહામંત્ર આપી મુમુક્ષુસમાજને પુરુષાર્થની પ્રેરણા આપનાર અનંત ઉપકારી ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મ-ઉપદેશને ગ્રહણ કરીને તેઓશ્રીની અસીમ ઉપકારી છત્રછાયામાં નાની ઉંમરમાં સ્વાનુભૂતિ કરી લેનાર પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી કે જેમની અંતરંગ વિશિષ્ટ નિર્મળદશા, જાતિસ્મરણ તથા વચનામૃતવાણી આદિની પ્રશંસા પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી સાંભળવાનો આપણને સૌને અનેકવાર લાભ મળ્યો છે, તેમનો ૮૪મો જન્મજયંતી-મહોત્સવ તા. ૧૯-૮-૯૭ થી તા. ૨૮-૮-૯૭ શિવપુરીનિવાસી શ્રી દખોબાઈ મુરારીલાલજી ચૌધરી (જૈન) (હસ્તે સુપુત્રો શ્રી ગિરનારીલાલજી તથા શ્રી અશોકકુમારજી) તરફથી, આપણા આદરણીય આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિમ્મતભાઈ જેઠાલાલ શાહની દેવ-ગુરુ-ભક્તિભીની ઉપસ્થિતિમાં સુવર્ણપુરીમાં પાંચ દિવસના ભવ્ય સમારોહપૂર્વક ૩૫૦૦ થી અધિક મહેમાનોની ઉપસ્થિતિમાં અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

આ આનંદકારી ઉત્સવમાં પ્રતિદિન ક્રમશઃ સવારે ઓડિયો-ટેપ દ્વારા પૂજ્ય બહેનશ્રીની શાંતરસઝરતી દેવ-ગુરુભક્તિ તેમ જ સ્વાનુભવરસભીની ધર્મચર્ચા, જિનેન્દ્ર દર્શન, ધાર્મિક શિક્ષણવર્ગ, તાત્ત્વિક તેમ જ ભક્તિસૂત્રોથી અંકિત ભવ્ય 'બેનર' તેમ જ વિવિધ નયનરમ્ય ભવ્ય શૃંગાર સજાવવામાં આવેલા મનોહર મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું સમયસારની વિભિન્ન ગાથાઓ ઉપર સ્વાનુભવરસ ઝરતું, પુરુષાર્થપ્રેરક સ્વાનુભૂતિમાર્ગદર્શક અલૌકિક આધ્યાત્મિક ટેપપ્રવચન, આદરણીય પંડિતજી દ્વારા પ્રાસંગિક સમૂહભક્તિ, ત્યારબાદ પરમાગમમંદિરમાં શ્રી ચોસઠઋદ્ધિમંડલવિધાનપૂજા, બપોરે સમાગત વિદ્વાન સર્વશ્રી બ્ર. વ્રજલાલભાઈ શાહ, હિંમતભાઈ ડગલી, અશોકકુમારજી જૈન (ખંડવા), ડૉ. પ્રવિણભાઈ દોશી દ્વારા 'બહેનશ્રીનાં વચનામૃત' ઇત્યાદિ ઉપર શાસ્ત્રપ્રવચન, પરમાગમમંદિરમાં જિનેન્દ્રભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, સાંજે ઉત્સવના આયોજકો દ્વારા સાંજી, રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું જન્મજયંતીના ઉપલક્ષમાં "બહેનશ્રીનાં વચનામૃત" ઉપર ભાવવાહી ટેપપ્રવચન અને છેલ્લે તીર્થયાત્રાની વિડિયો દ્વારા ગુરુદર્શન તેમ જ બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા—ઉત્સવ દરમિયાન આ કાર્યક્રમ બરાબર નિયમિત ચાલતો હતો. પ્રત્યેક કાર્યક્રમમાં મુમુક્ષુની ઉપસ્થિતિથી સ્થાન ખીચોખીચ ભરાઈ જતું હતું.

બહેનશ્રીની જન્મજયંતીના હર્ષોપલક્ષમાં તા. ૧૯ ઓગસ્ટના રોજ બપોરે 'ધાતકી વિદેહના ભાવિ-તીર્થંકરદેવ'ના ભવ્ય રથોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વર્ણ રજતનિર્મિત ત્રિપીઠિકાયુક્ત ભવ્ય ગંધકૂટી પર બિરાજમાન ભાવિ-ભગવાનનો સમવસરણ-વિહાર સર્વે ભક્તોને અતિ આનંદકારી અનુભૂત થતો હતો. રથયાત્રામાં અનેક ભવ્ય સજાવટ સાથે 'તેજબાનંદિની ચંપાકુંવરી'ના પારણાઝૂલનનું એક મનોહર 'ફ્લોટ-(FLOAT)' બધાના ભક્તિભીના ચિત્ત પોતાના તરફ કેન્દ્રિત કરતું હતું.

રથોત્સવની ભવ્યતા જોઈ ને ગ્રામજનતા પ્રસન્નતાથી મહાન ધર્મપ્રભાવક સંતપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ તેમના ભક્તરત્ન પૂજ્ય બહેનશ્રીની અસાધારણ મહિમાનું સ્મરણ કરતી હતી. ઘાટકોપર, મલાડ તેમ જ વઢવાણની ભજન-મંડળીએ પણ વાતાવરણ ભક્તિમય બનાવીને રથોત્સવને અધિક રોચક બનાવ્યો હતો.

### * શ્રાવણ વદ બીજ : બહેનશ્રીની જન્મજયંતી *

ગુરુભક્ત મુમુક્ષુઓ માટે ભક્તશિરોમણિ પૂજ્ય બહેનશ્રીની જન્મજયંતીનો આ દિન-શ્રાવણ વદ બીજ-મહા આનંદકારી દિવસ છે. શ્રાવણ વદ બીજના રોજ સવારે દેવદર્શન બાદ ભવ્ય સુશોભિત વિશાળ મંડપમાં ક્રમશઃ 'સદ્‌ગુરુ-સ્તુતિ', પ્રણિપાતસ્તુતિ તથા વિડિયો-ટેપ દ્વારા કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પૂજ્ય બહેનશ્રીનું માંગલિક અને પૂજ્ય બહેનશ્રીની અધ્યાત્મરસપ્રધાન તાત્ત્વિક ચર્ચાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ પરમાગમમંદિરમાં શ્રી ચોસઠઋદ્ધિમંડલવિધાનપૂજા અને તેનું સમાપન, ત્યારબાદ સુશોભિત મંચ ઉપર બિરાજિત આપણા સર્વોત્કૃષ્ટ ઉપકારી પરમ તારણહાર

પૂજ્ય ગુરુદેવશ્રીના વિશાળ ભવ્ય સ્ટેચ્યૂ સમક્ષ સમયસાર ઉપર અત્યંત માર્મિક અદ્ભુત પ્રવચન અને ૧૩ મિનિટ પૂજ્ય બહેનશ્રીના જાતિસ્મરણજ્ઞાનથી જાણેલા ભૂત-વર્તમાન-ભવિષ્ય સંબંધી વિવરણ;—જે સાંભળીને મુમુક્ષુઓ આનંદથી ગદ્ગદ્ થઈ ગયા હતા.

ત્યારબાદ મંચ ઉપર રાખવામાં આવેલા પૂજ્ય બહેનશ્રીના વિશાળ ચિત્રપટ સમક્ષ વધાવવાનો આનંદકારી ભવ્ય કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સર્વપ્રથમ આપણા આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈએ અને ત્યારબાદ સેંકડો પરિવારે ભક્તિ ગાતા ગાતા પૂજ્ય બહેનશ્રીને વધાવવાનો આનંદકારી લાભ લીધો હતો.

બપોરે 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર શાસ્ત્રવાંચન, દેવ-ગુરુભક્તિ, સાંજે જિનેન્દ્ર આરતી, પૂજ્ય ગુરુદેવશ્રીનું ભાવવાહી ટેપપ્રવચન—એ રીતે આ આનંદકારી મહોત્સવ સાનંદ સંપન્ન થયો હતો.

આ શુભ અવસરે 'શ્રી ચોંસઠઋદ્ધિમંડલવિધાનપૂજા' કાયમી ૫૦ મુમુક્ષુઓ તરફથી તથા પ્રાસંગિક પાંચ મુમુક્ષુઓ તરફથી રાખવામાં આવી હતી.

પાંચ દિવસના મહોત્સવમાં પાંચ દિવસ (પ્રાસંગિક) એ પરિવાર તરફથી તેમ જ કાયમી ૭ મહાનુભાવો તરફથી સ્વામીવાત્સલ્યભોજન આપવામાં આવ્યું હતું.

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની તેમ જ બહેનશ્રીની પ્રવચન-કેસેટમાં ૨૫% ડિસ્કાઉન્ટ એક મહાનુભાવ તરફથી રાખવામાં આવ્યું હતું.

ગુજરાતી તેમ જ હિન્દી 'આત્મધર્મ'ના વાર્ષિક લવાજમમાં રૂા. ૪-૦૦ તથા આજીવન સભ્યફીમાં રૂા. ૨૫% ડિસ્કાઉન્ટ એ મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું.

આ મંગલ અવસરે સંસ્થાને રૂા. ૫,૮૦,૯૨૪-૫૦ની આવક નીચે પ્રમાણે થઈ હતી.

| | |
|---|---|
| પ્રસંગ આયોજન | ૧,૫૧,૦૦૦ |
| ૯૩૩ × ૮૪ જન્મજયંતીનાં ઉપલક્ષમાં | ૭૮,૩૭૨ |
| જિનેન્દ્ર રથયાત્રાની બોલી | ૫૯,૨૦૯ |
| વધાઈ ૧૦૦૧ × ૧૭ | ૧૭,૦૧૭ |
| વધાઈ ૫૦૧ × ૨૯૮ | ૧,૪૯,૨૯૮ |
| આરતી | ૪,૮૨૭-૫૦ |
| પ્રાસંગિક મંડલવિધાનપૂજા | ૫,૦૦૫ |
| પૂજ્ય બેનશ્રીનાં નિવાસસ્થાને ચિત્રપટ સમક્ષ છ માસમાં આવેલ રકમ | ૩૬,૪૦૧ |
| જન્મવધાઈની છૂટક રકમ, રથયાત્રા તથા પારણાઝૂલન | ૩૨,૬૮૦ |
| અન્ય શુભ ખાતે | ૩૭,૧૧૫ |
| કાયમી વિધાનપૂજા ખાતે | ૧૦,૦૦૦ |
| | ૫,૮૦,૯૨૪-૫૦ |

ધાર્મિકશિક્ષણવર્ગ:—દર વર્ષની જેમ જન્મજયંતી પ્રસંગે રાખવામાં આવેલ ૨૦ દિવસીય પ્રૌઢ શિક્ષણવર્ગ તાત્ત્વિક અભ્યાસ તથા શિક્ષણાર્થીઓની સંખ્યાની દૃષ્ટિએ સફળ રહ્યો. ઉત્તમવર્ગમાં બ્ર. ચંદુભાઈ ઝોબાળિયાએ સવારે શ્રી પ્રવચનસાર ગાથા ૯૮, ૯૯, ૧૦૬, ૧૦૭, ૧૧૧, ૧૧૨, ૧૧૩ ઉપર તથા સાંજે શ્રી મોક્ષમાર્ગપ્રકાશક ૭મો અધિકાર "ઉભય-નયાભાસ" વિષય ઉપર તેમ જ મધ્યમવર્ગમાં બ્ર. વ્રજલાલભાઈ શાહે મોક્ષમાર્ગ પ્રકાશક અધિકાર ૯ અને સાંજે શ્રી મોક્ષમાર્ગપ્રકાશક બીજા અધિકાર ઉપર શિક્ષણ આપ્યું હતું. સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ આદિથી તેમ જ હિન્દી પ્રાંતથી આવેલા શિક્ષણાર્થીઓએ આ શિક્ષણવર્ગનો પ્રમોદપૂર્વક લાભ લીધો હતો. તદુપરાંત પૂજ્ય ગુરુદેવશ્રીનાં અદ્ભુત રોજ બે બે પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની આધ્યાત્મિક તત્ત્વચર્ચાનો અને આપણા ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલ શાહની સાંજની તત્ત્વચર્ચાનો વિશેષ લાભ મળ્યો હતો.

* પર્યુષણપર્વમાં મંડલવિધાનપૂજા (કાયમી) ૧૧ મહાનુભાવો તરફથી અને (પ્રાસંગિક) બે મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

* દશલક્ષણ-પર્યુષણપર્વ—દશલક્ષણમંડલવિધાનપૂજા તથા મુનિધર્મમહિમાયુક્ત અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય તેમ જ ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવાયો હતો.

* ક્ષમાવણીપર્વ:—ભાદરવા વદ ૧ના રોજ ક્ષમાવણીપર્વ પૂજાભક્તિ તેમ જ સમૂહ ક્ષમાવણીપૂર્વક ઉજવાયો હતો. આ પ્રસંગે અનેક ગામોથી તેમ જ રાજકોટથી સાત બસમાં અનેક મહેમાન મુમુક્ષુઓ ક્ષમાપના કરવા આવેલા હતા. આ પ્રસંગે શ્રી ભગવાનજી કચરાભાઈ શાહ તરફથી કાયમી સ્વામીવાત્સલ્યભોજન આપવામાં આવ્યુ હતું.

## * મહાવીરનિર્વાણ પંચાહ્નિક મહોત્સવ *

પ્રતિવર્ષ અનુસાર 'શ્રી મહાવીરનિર્વાણ કલ્યાણક' દીપાવલીનો મંગળ અવસર આસો વદ પ્રથમ ૧૨, સોમવાર તા. ૨૭-૧૦-૯૭થી આસો વદ અમાસ શુક્રવાર તા. ૩૧-૧૦-૯૭ પાંચ દિવસ સુધી શ્રી મહાવીરકુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિરમાં 'શ્રી જિનેન્દ્ર પંચકલ્યાણકમંડલવિધાનપૂજા', મહાવીર જિનેન્દ્રભક્તિ તેમ જ અધ્યાત્મ જ્ઞાનોપાસના વગેરે વિવિધ કાર્યક્રમ સાથે ઉજવવામાં આવશે. આ મંગલ અવસરે ૨૫ કાયમી મહાનુભાવો તરફથી શ્રી પંચકલ્યાણકમંડલવિધાનપૂજા રાખવામાં આવશે.

સુપ્રભાતદિન:—નૂતનવર્ષનો મંગલ સુપ્રભાતદિન કારતક સુદ-૧, શનિવાર, તા. ૧-૧૧-૯૭ પૂજાભક્તિ તેમ જ પૂજ્ય ગુરુદેવશ્રીના સુપ્રભાત-પ્રવચન આદિ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

પંડિતરત્ન આદરણીય શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહનો

## * ૯૦મા વર્ષમાં મંગલ પ્રવેશ *

શ્રાવણ વદ-૧૪, તા. ૩૧-૮-૯૭ના રોજ આપણા આદરણીય પંડિતરત્ન ઊંડા આદર્શ આત્માર્થી શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલ શાહ (પૂજ્ય બહેનશ્રીના મોટાભાઈ)નો જન્મદિન હતો. આ દિવસે પંડિતજીએ ૯૦મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો. આ શુભાવસર પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના 'જ્ઞાનવૈભવ' ગ્રંથના પ્રકાશનનો દિવસ છે. તેના નિમિત્તે ત્રણ દિવસ માટે "શ્રી પંચપરમેષ્ઠિમંડલવિધાનપૂજા"નું આયોજન કરવામાં આવ્યું હતું. જન્મદિનના આ શુભ અવસરે પ્રાતઃ શ્રી જિનેન્દ્રપૂજા તેમ જ પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપપ્રવચન બાદ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તેમ જ મુમુક્ષુસમાજ તરફથી, ટ્રસ્ટના ટ્રસ્ટી તેમ જ મંત્રી શ્રી ચિમનભાઈ મોદીએ, આપણને શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત સમયસાર આદિ પંચ પરમાગમ આપણી માતૃભાષામાં પ્રદાન કરનારા આપણા આદરણીય પંડિતજીનો તેમની ઊંડી આદર્શ-આત્માર્થીતા, ઊંડું તત્ત્વચિંતન, તત્ત્વહાર્દસ્પર્શી અસાધારણ મેધા, નિર્માનતા, નમ્રતા, નિઃસ્પૃહતા આદિ ગુણાનુવાદરૂપ સંક્ષિપ્ત ભાષણ દ્વારા, ઉપકૃતભાવભીનું અભિવાદન કર્યું હતું. ત્યારબાદ પંડિતજીના નિવાસસ્થાને મુમુક્ષુસમાજ વ્યક્તિગત અભિવાદન માટે ગયો હતો. ત્યાં પંડિતજીએ પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા ઉપદિષ્ટ સામર્થ્યપૂર્ણ દ્રવ્યસ્વભાવ, આશ્રયના જોરરૂપ શુદ્ધનય અને દ્રવ્યદૃષ્ટિ ઇત્યાદિ અનેક ખાસ પ્રયોજનભૂત વિષય પર બહુ સુંદર તેમ જ ભાવવાહી સ્પષ્ટતા, હૃદયભીની શૈલી વડે કરી હતી. જેનો સૌને લાભ મળ્યો હતો.

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૭મા સમાધિદિન પ્રસંગે સુવર્ણપુરીમાં પાંચ દિવસનો

## ધાર્મિક કાર્યક્રમ

[ તા. ૧૭-૧૧-૯૭ થી તા. ૨૧-૧૧-૯૭ ]

સમયસાર-યુગપ્રવર્તક આપણા પરમ તારણહાર પરમોપકારી વ્હાલા ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીની પુણ્યસમાધિનો સત્તરમો વાર્ષિક દિન વિ. સં. ૨૦૫૪, કારતક વદ ૭, શુક્રવાર, તા. ૨૧-૧૧-૯૭ના રોજ છે. પરમ કલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવના દુઃખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા. ૧૭-૧૧-૯૭ સોમવારથી તા. ૨૧-૧૧-૯૭ શુક્રવાર—એમ પાંચ દિવસ સુધી ધાર્મિક કાર્યક્રમ—શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, જિનેન્દ્રભક્તિ, ગુરુભક્તિ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસ ઝરતાં ટેપ પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-તત્ત્વચર્ચા અને સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન વગેરે વિવિધ કાર્યક્રમ—રાખવામાં આવ્યા છે.

અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય તેમ જ ગુરુભક્તિનો લાભ લેવા માટે આ અવસરે ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી સોનગઢ પધારવાનું હાર્દિક આમંત્રણ છે.

*

# શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન તીર્થ-યાત્રાસંઘ

( તા. ૨-૧૧-૯૭ થી તા. ૧૭-૧૧-૯૭ સુધી )

અલીગઢનિવાસી શ્રી પવનકુમાર જૈન દ્વારા આયોજિત આ તીર્થયાત્રાસંઘ બુંદેલખંડની તીર્થયાત્રા, જેમાં શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના માનનીય પ્રમુખશ્રી હસમુખભાઈ પોપટલાલ વોરા તથા માનનીય ટ્રસ્ટી, મંત્રી તેમ જ પ્રવચનકાર વિદ્વાન શ્રી ચિમનભાઈ ઠાકરશી મોદીના નેતૃત્વમાં સોનગઢ અને મુંબઈના લગભગ ૧૨૫ સાધર્મી ભાઈ-બહેન હશે, તેમાં ઝાંસી, સોનાગિરિ, ગ્વાલિયર, બટેશ્વર/શૌરિપુર, ફિરોજાબાદ, આગ્રા, મથુરા, અલીગઢ, બુલંદશહર, મવાના, હસ્તિનાપુર, બેહેલના, દહેરાદૂન, દિલ્હી આદિ સ્થળ લેવામાં આવશે. વિદ્વાન બ્રહ્મચારી શ્રી ચંદુલાલભાઈ ઝોબાળિયા અને વિદ્વાન બ્રહ્મચારી શ્રી વ્રજલાલભાઈ શાહ આ યાત્રાસંઘમાં ભાગ લેશે.

## * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* મોક્ષમાર્ગની પર્યાય જેટલો તું નથી પણ પરમાત્માની પર્યાય—પૂર્ણ પર્યાય જેટલો પણ તું નથી. નિર્વિકલ્પ ત્રિકાળી ધ્રુવ વસ્તુ તે તું છો. પરમ પારિણામિક સ્વભાવભાવ ધ્રુવ વસ્તુ તે નિજ પરમાત્મા છે. આત્મા સ્વયં પરમાત્મા છે. નિશ્ચય-મોક્ષમાર્ગની પર્યાય આત્માની છે તેમ ઉપચારથી કહેવાય છે. ૬૯.

* ઉત્પાદ-વ્યય વિનાકા ધ્રુવ આત્મા, ઓ હી વાસ્તવિક આત્મા હૈ. એક સમયકા ધ્રુવ ઓ હી સચ્ચા આત્મા હૈ, વાસ્તવિક આત્મા હૈ. એક સમયકી શુદ્ધ પર્યાય ઓ વાસ્તવિક આત્મા નહીં એટલે અવાસ્તવિક હુવા. અવાસ્તવિક ઓ હી પરદ્રવ્ય હુઆ, ઈસસે પરભાવ કહા, હેય કહા. ૭૦.

* વીતરાગીદેવ ફરમાવે છે કે તું પરમાત્મસ્વરૂપ જ છો એમ દૃષ્ટિ કર. પ્રભુ ! સર્વજ્ઞદેવ કહે છે કે મારા સ્વભાવમાં ને તારા સ્વભાવમાં આંતરો—તફાવત છે જ નહીં. વ્યક્તરૂપે અમને જે દશા પ્રગટ થઈ છે તેવો જ તું છો. પ્રભુ ! મારા ને તારા સ્વભાવમાં કાંઈ ફેર નથી પણ તારા સામર્થ્યની તને ખબર નથી ભાઈ ! ૭૧.

* વસ્તુ પરમાત્મસ્વરૂપ છે. આત્મા પોતે જ પરમાત્મસ્વરૂપ છે. પોતે જ પરમાત્મપણે બિરાજમાન છે. એવા વીતરાગી પરમાત્માનો—છે તેનો—આદર કર્યો, સ્વીકાર કર્યો ને આશ્રય કર્યો ત્યારે અનુભૂતિ થાય છે. તે એક જ કર્મથી છૂટવાનો ઉપાય છે. માટે હે જીવ ! ટંકોત્કીર્ણ જ્ઞાયક એક શુદ્ધ સ્વભાવનો સ્વીકાર કર, એ જ કર્તવ્ય છે. ૭૨.

* જે પર્યાય થવાવાળી છે તેને કરવું શું ? અને જે નહિ થવાવાળી છે તેને પણ કરવું શું ? એવો નિશ્ચય કરતાં જ કર્તૃત્વબુદ્ધિ તૂટીને સ્વભાવ સન્મુખ થઈ જાય છે. સર્વજ્ઞ ત્રિકાળીને જાણનાર-દેખનાર છે એમ હું પણ ત્રિકાળીને જાણવા-દેખવાવાળો જ છું. એવા ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો નિશ્ચય કરવો એ જ સમ્યગ્દર્શન છે. ૭૩.

*

જીવને જેટલું વૈષયિક (ઈન્દ્રિજન્ય) જ્ઞાન છે તે બધું પૌદ્‌ગલિક માનવામાં આવ્યું છે અને બીજું જે જ્ઞાન વિષયોથી પરાવૃત્ત છે–ઈન્દ્રિયોની સહાય વિનાનું છે તે બધું આત્મીય છે.

*શ્રી અમિતગતિ આચાર્ય, શ્રી યોગસાર-પ્રાભૃત*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦
મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૧૬૮/– અલગ]

A ૧૯૨૬ શ્રી [illegible]િરજલાલ પી. દેસાઈ પ્રોફેસર
લોકભારતી, પી. ઓ. [illegible],
વાયા-સોનગઢ સણોસરા-૩૬૪૨૩૦ (સૌ.)